dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 90 | AD - 2025, Paush Sud- 03 | Thursday, Dt.02-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## અમેરિકામાં ભારતને મોટી સફળતા મળી

# મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ તહવ્વુર રાણાને ભારત લવાશે

નવીદિલ્હી,તા.૧

અમેરિકામાં ભારતને મોટી સફળતા મળી છે. ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં સામેલ પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવે તેવી શક્યતા છે. અમેરિકાની કોર્ટે રાણાના પ્રત્યાર્પણને લીલી ઝંડી આપી દીધી છે. ઓગસ્ટ ૨૦૨૪માં પોતાનો ચુકાદો આપતી વખતે યુએસ કોર્ટે ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિ હેઠળ રાણાને ભારત મોકલવાની મંજૂરી આપી હતી.

રાણા પર ૨૬/૧૧ના માસ્ટરમાઈન્ડ ડેવિડ કોલમેન હેડલીને મદદ કરવાનો આરોપ છે. હેડલીએ મુંબઈના સ્થળોની તપાસ હાથ ધરી હતી. આ પહેલા ભારતે અમેરિકન કોર્ટ સમક્ષ મજબૂત પુરાવા રજૂ કર્યા હતા, જેમાં રાણાની સંડોવણી સ્પષ્ટ જોવા મળી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે ભારતમાં રાણા સામેના આરોપો અમેરિકન કોર્ટમાં ચાલી રહેલા કેસ કરતાં અલગ છે. બંને દેશો વચ્ચેના કરાર હેઠળ રાણાને ભારત પ્રત્યાર્પણ કરી શકાય છે. એફબીઆઈએ ૨૦૦૯માં શિકાગોમાંથી રાણાની ધરપકડ કરી હતી. હવે તેને ભારત લાવવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. કોર્ટે રાણાને આતંકવાદી સંગઠનને મદદ કરવા અને ડેનમાર્કમાં આતંકવાદી હુમલાનું નિષ્ફળ ષડયંત્ર રચવા બદલ દોષી ઠેરવ્યો હતો. જો કે, કોર્ટે ભારતમાં હુમલાના આરોપોને ફગાવી દીધા હતા, પરંતુ કહ્યું હતું કે તે મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરામાં સામેલ હતો, અને તેનું ભારતને પ્રત્યાર્પણ કરવું જોઈએ. તહવ્વુર રાણાનો જન્મ પાકિસ્તાનમાં




થયો હતો. તેણે આર્મી મેડિકલ કોલેજમાં અભ્યાસ કર્યો અને ૧૦ વર્ષ સુધી પાકિસ્તાન આર્મીમાં ડોક્ટર તરીકે કામ કર્યું. બાદમાં તેણે નોકરી છોડી દીધી હતી. તહવ્વુર રાણા હાલમાં કેનેડાનો નાગરિક છે. કોર્ટના દસ્તાવેજો અનુસાર, તે કેનેડા, પાકિસ્તાન, જર્મની અને ઈંગ્લેન્ડમાં પ્રવાસ કરી ચૂક્યો છે અને રહ્યો છે. દસ્તાવેજો દર્શાવે છે કે ૨૦૦૬થી નવેમ્બર ૨૦૦૮ સુધી તહવ્વુર રાણાએ પાકિસ્તાનમાં ડેવિડ હેડલી અને અન્ય લોકો સાથે મળીને કાવતરું ઘડ્યું હતું. આતંકી હેડલી આ કેસમાં સરકારી સાક્ષી બન્યો છે.

જેલમાં બંધ પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન તહવ્વુર રાણાને ટૂંક સમયમાં ભારત લાવવામાં આવી શકે છે. યુએસ અપીલ કોર્ટના ન્યાયાધીશોની પેનલે તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ કરવાનો આદેશ આપ્યો છે. આ પછી રાજદ્વારી માધ્યમથી તહવ્વુર રાણાને ભારત લાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. રાષ્ટ્રીય તપાસ એજન્સી ૨૦૦૮માં લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા ૨૬/૧૧ના મુંબઈ હુમલામાં તહવ્વુર રાણાની કથિત ભૂમિકાની તપાસ કરી રહી છે. ૨૬/૧૧ના હુમલામાં તેની કથિત ભૂમિકા માટે ભારત દ્વારા પ્રત્યાર્પણની વિનંતી પર તહવ્વુર રાણાની યુએસમાં ધરપકડ કરવામાં આવી હતી. એનઆઈએ અધિકારીઓએ જણાવ્યું કે રાજદ્વારી માધ્યમો દ્વારા તહવ્વુર રાણાને ભારત લાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. રાણા દ્વારા દાખલ કરાયેલી અપીલ પર ચુકાદો આપતા, નવમી સર્કિટ માટે યુએસ કોર્ટ ઓફ અપીલ્સના ન્યાયાધીશોની પેનલે કેલિફોર્નિયાના સેન્ટ્રલ ડિસ્ટ્રિક્ટની ડિસ્ટ્રિક્ટ કોર્ટ દ્વારા તેની હેબિયસ કોર્પસ પિટિશનની બરતરફીને ખાલી કરી હતી, જેમાં મેજિસ્ટ્રેટ જજના પ્રમાણપત્રને પડકારવામાં આવ્યો હતો કે તે હોઈ શકે છે. મુંબઈમાં આતંકવાદી હુમલામાં તેની કથિત સંડોવણી બદલ ભારત પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. તહવ્વુર રાણાએ ૧૫ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પ્રત્યાર્પણના નિર્ણય સામે અપીલ કરી હતી, જેને જિલ્લા અદાલતે ફગાવી દીધી હતી. યુએસ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રત્યાર્પણ સંધિ હેઠળ તેને ભારત મોકલી શકાય છે. મુંબઈ હુમલાની ૪૦૫ પાનાની ચાર્જશીટમાં તહવ્વુર રાણાના નામનો આરોપી તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ મુખ્ય આરોપી ડેવિડ કોલમેન હેડલીને મદદ કરતો હતો. ચાર્જશીટ મુજબ તહવ્વુર રાણા આઈએસઆઈ અને લશ્કર-એ-તૈયબાનો સભ્ય છે. તમને જણાવી દઈએ કે ૨૬ નવેમ્બર ૨૦૦૮ના રોજ લશ્કર-એ-તૈયબાના ૧૦ આતંકવાદીઓએ મુંબઈમાં હુમલો કર્યો હતો અને ઘણી જગ્યાએ ગોળીબાર કર્યો હતો.




## મુંબઈની કોર્ટે ડ્રગ્સ જપ્તીના કેસમાં ૮ પાકિસ્તાનીને ૨૦ વર્ષની સજા ફટકારી

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧



મહારાષ્ટ્રમાં મુંબઈની એક કોર્ટે ૮ પાકિસ્તાની નાગરિકોને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે. કોર્ટે ૨૦૧૫ના ડ્રગ્સ જપ્તીના કેસમાં પાકિસ્તાની નાગરિકોને આ સજા આપી છે. હકીકતમાં, વર્ષ ૨૦૧૫ માં, ભારતીય કોસ્ટ ગાર્ડે ગુજરાતના દરિયાકાંઠેથી ૬.૯૬ કરોડ રૂપિયાની કિંમતનું ૨૩૨ કિલો હેરોઈન વહન કરતી બોટમાંથી આરોપીની ધરપકડ કરી હતી. એનડીપીએસ એક્ટ કેસના વિશેષ ન્યાયાધીશ શશિકાંત બાંગરે આ આઠ લોકોને ડ્રગ વિરોધી કાયદા હેઠળ કરવામાં આવેલા ગુના માટે દોષિત ઠેરવ્યા હતા. આરોપીઓને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ મહત્તમ ૨૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે દરેકને ૨ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે.

સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર સુમેશ પંજવાનીએ આરોપીઓ માટે મહત્તમ સજાની માંગ કરતા કહ્યું કે તે અન્ય ડ્રગ હેરફેર કરનારાઓ માટે બોધપાઠ બની શકે છે. જોકે, બચાવ પક્ષના વકીલે દલીલ કરી હતી કે નમ્ર અભિગમ અપનાવવો જોઈએ. બંને પક્ષોને સાંભળ્યા બાદ કોર્ટે નમ્રતા દાખવવાનો ઈનકાર કર્યો હતો અને આઠ આરોપીઓને મહત્તમ સજા ફટકારી હતી.

ફરિયાદ મુજબ, જે બોટમાંથી આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી તેમાં ૧૧ ડ્રમ હતા જેમાં ઘઉં-બ્રાઉન પાવડરવાળી ૨૦ પ્લાસ્ટિકની થેલીઓ હતી. તેણે જણાવ્યું હતું કે દરેક પેકેટની સામગ્રીની તપાસ કરવામાં આવી હતી, જેમાં તે હેરોઈન હોવાનું બહાર આવ્યું હતું.










## લખનૌની હોટલમાં એક જ પરિવારના પાંચ લોકોની હત્યા



લખનૌ,તા.૦૧

લખનૌની એક હોટલમાં એક જ પરિવારના પાંચ લોકોની હત્યા કરવામાં આવી હતી. પિતાએ પુત્ર સાથે મળીને આખા પરિવારને ખતમ કર્યો હતો. ઘટના બાદ પુત્ર હોટલમાં જ બેઠો રહ્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન પુત્રએ પિતા સાથેની ઘટનાની કબૂલાત કરી હતી. કહ્યું- પિતા આત્મહત્યા કરવા માટે હોટલ છોડી ગયા છે. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે. DCP રવિના ત્યાગીએ જણાવ્યું કે પિતાનું નામ બદરુદ્દીન અને પુત્રનું નામ અરશદ (૨૪) છે. અરશદે જણાવ્યું કે ૩૧ ડિસેમ્બરની રાત્રે તેણે તેની માતા અસમા, ચાર બહેનો- આલિયા (૯), અક્ક્ષા (૧૬), અલશિયા (૧૯) અને રાહિમીન (૧૮)ની હત્યા કરી નાખી. પોલીસે કડક પૂછપરછ કરતાં અરશદે જણાવ્યું હતું કે તેના પિતા પણ આ ગુનામાં સામેલ હતા. પોલીસે અરશદની ધરપકડ કરી હતી. પોલીસે કહ્યું- ૩૦ ડિસેમ્બરે તમામ ૭ લોકો આગ્રાથી લખનઉ આવ્યા હતા. ચારબાગ પાસે નાકા વિસ્તારમાં આવેલી હોટલ શરણજીતમાં રૂમ લીધો હતો. આરોપીએ હત્યાનું કારણ કૌટુંબિક ઝઘડો ગણાવ્યો છે. જોકે, એવું કયું કારણ હતું કે આખા પરિવારને ખતમ કરી દીધો. આ વાત હજુ સ્પષ્ટ થઈ શકી નથી. આ પરિવાર ઈસ્લામ નગર, ટેઢી બગીયા, કુબેરપુર, આગ્રાનો રહેવાસી હતો. પોલીસની ટીમે ત્યાં પહોંચી તપાસ કરી હતી.






સંજોગ ન્યૂઝ

# આપણું અમરેલી

ગુરુવાર, તા. ૦૨-૦૧-૨૦૨૫




**પોલીસે સમગ્ર પ્રક્રિયાનું કાયદાકીય રીતે પાલન કરેલ છે : જિલ્લા પોલીસ વડા**

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

**ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર પીડિત દીકરીને જેલમાં મળ્યા**

અમરેલી, તા.૦૧

અમરેલીમાં બોગસ લેટરકાંડ મામલે પોલીસે યુવતી સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી. યુવતીનું જાહેરમાં સરઘસ કાઢવા બદલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે આક્રોશ વ્યકત કરી મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો છે.

પત્રમાં જણાવાયું છે કે જિલ્લામાં બેફામ દારૂનું વેચાણ, ખનીજ ચોરી થઈ રહી છે. ત્યારે આ ગુનાના આરોપીઓનું સરઘસ કાઢવામાં આવતું નથી. પરંતુ પોતાના માલિકનાં કહેવાથી પત્ર ટાઈપ કરવા બદલ યુવતીની કાયદાનું ઉલ્લંઘન કરી રાત્રીના ૧૨ વાગે ધરપકડ કરી હતી. યુવતીને મુખ્ય રસ્તા પર ચલાવી





પોલીસે ભાજપના નેતાનો અહમ સંતોષવા આ કૃત્ય કરેલ છે. ત્યારે આ કૃત્ય કરનાર પોલીસ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રતાપભાઈ દુધાતે મુખ્યમંત્રી સમક્ષ માંગ કરી છે. આ અંગે સમગ્ર ઘટનાની જાણકારી મેળવવા માટે ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર દીકરીને મળવા જેલમાં પહોંચ્યા હતા અને તેની સાથે વાતચીત કરી હતી. જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, બોગસ લેટરકાંડ મુદ્દે આરોપીઓને સ્થળ મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. પોલીસે જે તે સમયે કોઈ અતિશયોક્તિ ઉપયોગ કરેલ નથી તેમજ સમગ્ર પ્રક્રિયામાં કાયદાનું પાલન કરવામાં આવેલ છે. પોલીસે ન્યાયનાં હિતમાં જ કામ કરેલ છે.

## લાઠીના હિરાણા ગામના પાટીયા પાસે ગાંજાનું વાવેતર ઝડપાયુ

અમરેલી,તા.૦૧

લાઠી તાલુકાના હિરાણા ગામના પાટીયા પાસે આવેલ એક વાડીમાંથી પોલીસે લીલા ગાંજાનું વાવેતર કરનાર બે શખ્સોને ઝડપી લઈ ૦.૧૩૯ કિ.ગ્રા ગાંજો કબજે લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. લાઠી પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એચ.જે.બરવાડીયા અને ટીમે બાતમીના આધારે હિરાણાના પાટીયા પાસે આવેલ એક વાડીમાંથી ગેરકાયદે ગાંજાનું વાવેતર ઝડપી પાડયું હતું. અહી કનુભાઈ શંભુભાઈ તળાવીયાની વાડીમાં રહી મજૂરી કામ કરતા જામબરવાળાના રવજી મશરૂભાઈ સાથળીયા (ઉ.વ.૩૮) તેમજ પ્રવિણભાઈ ઉર્ફે ઘુઘાભાઈ છનાભાઈ સાથળીયા (ઉ.વ.૪૫) નામના શખ્સોએ ખેતરમાં કોઈ પાસ પરમીટ વગર ગેરકાયદે લીલા ગાંજાના છોડનું વાવેતર કર્યુ હતું. પોલીસને અહીથી નાના મોટા ૧૫ છોડ મળી આવ્યા હતા. એક કિલો ગાંજાની કિંમત રૂપિયા ૧૦ હજાર લેખે ૦.૧૩૯ કિ.ગ્રા કિંમત રૂપિયા ૧૩૯૦નો મુદામાલ કબજે લઈ બંને સામે એનડીપીએસ એકટ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વધુ તપાસ પીઆઈ આર.વાય. રાવલ ચલાવી રહ્યાં છે.

## લીલીયા મોટાની PGVCL કચેરીમાં કર્મચારીનો વિદાય સમારંભ યોજાયો

લીલીયા મોટા, તા.૦૧



લીલીયા મોટાની PGVCL કચેરી ખાતે કાર્યરત સુરેશભાઈ સી. વ્યાસ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સુરેશભાઈ આ કચેરીમાં અંદાજે છેલ્લા ૮ વર્ષથી ફરજ બજાવતા હતા. PGVCLના સ્ટાફ દ્વારા પુષ્પગુચ્છ અને મેમેન્ટો આપી સુરેશભાઈને વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ તકે પી.જી.વી.સી.એલના ડેપ્યુટી એન્જિનિયર સી.કે. દેવમુરારી, જુનિયર એન્જિનિયર એમ.ડી. રાઠોડ, જુનિયર એન્જિનિયર એન.બી. અજાણી, જુનિયર એન્જિનિયર કે.વી. દવે સહિત સ્ટાફ સહ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લાની માધ્યમિક અને ઉ.મા.શાળામાં ફરજ બજાવતા ૪ સેવકોને જુનિયર કલાર્કમાં બઢતી

**૩૧ ડિસેમ્બર પહેલા પ્રમોશન મળતા સેવકોમાં આનંદ**

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી નીચે આવતી સરકારી અને ગ્રાન્ટેડ કોલેજમાં ફરજ બજાવતા સેવકોને જિલ્લા શિક્ષણ અધિકારીએ જુનિયર કલાર્કમાં બઢતી આપતા સેવકોમાં આનંદ છવાયો છે. અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હસ્તક સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા ચાર સેવકોને જુનિયર કલાર્કનું પ્રમોશન આપવામાં આવતા સેવકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી એ.બી. ગોહિલે જણાવ્યું હતું કે, ચાર સેવકોને ૩૧ ડિસેમ્બર પહેલા પ્રમોશન આપવામાં આવતા આ સેવકોને ૧ જુલાઈનો ઈજાફાનો લાભ મળશે. જો એક દિવસ મોડું પ્રમોશન આપવામાં આવ્યું હોત તો આ કર્મચારીઓને એક ઈજાફાનો લાભ મળત નહી. આમ જિલ્લા શિક્ષણાધિકારીની પ્રેરણાદાયી પહેલને તમામ કર્મચારીઓએ આવકારી આભારની લાગણી વ્યકત કરી હતી.

## એમ.એમ.યાજ્ઞિક હાઈસ્કૂલ-સલડી દ્વારા STEM-૦૩ કવીઝનું આયોજન

અમરેલી, તા.૦૧

એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલ-સલડી અને ઓકસફર્ડ સ્કૂલ-અમરેલીનાં વિદ્યાર્થીઓ દ્વારા રિજીયોનલ સાયન્સ સેન્ટર મુકામે STEM-૦૩(ઝોનલ કક્ષા)ની કવીઝ યોજાઈ હતી. આ કવીઝમાં એમ.એમ. યાજ્ઞિક હાઈસ્કૂલનાં ૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સાવન વિશાલભાઈ કાનપરીયા, દેવાંશી લાલજીભાઈ ધાનાણી, ડેર નિહિતા રમેશભાઈ અને દેવાણી દ્રષ્ટિબેન પ્રવિણભાઈએ નંબર મેળવીને નેશનલ લેવલ માટે



કવોલીફાઈડ થઈ સલડી ગામનું ગૌરવ વધાર્યું છે. સમગ્ર કવીઝનું સંચાલન સલડીના કો.કેતનભાઈ કાનપરીયા દ્વારા કરાયું હતું.

## બોગસ લેટરકાંડ મુદ્દે દીકરીને જામીન મળે તે માટે ખોડલધામ ટ્રસ્ટના પ્રયાસ

**દીકરીને જામીન મળે તે માટે કૌશિકભાઈ વેકરીયા, કિશોરભાઈ કાનપરીયા દ્વારા સંમતિ**

અમરેલી, તા.૦૧

અમરેલીમાં છેલ્લા ૪ દિવસથી ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને બદનામ કરવાના પ્રયાસો સામે પોલીસે એક દીકરી સહિત ૪ લોકોની ધરપકડ કર્યા બાદ દીકરીનું પણ રીકન્સ્ટ્રકશન કરવામાં આવતા પાટીદાર સમાજમાં રોષની લાગણી જન્મી હતી. આ બાબતે ખોડલધામ ટ્રસ્ટનાં ચેરમેન નરેશભાઈ પટેલની સૂચના મુજબ ખોડલધામ ટ્રસ્ટનાં ટ્રસ્ટી દિનેશભાઈ બાંભણિયાએ જણાવ્યું હતું કે, બોગસ લેટરકાંડ મુદ્દે ફરિયાદી પક્ષના કૌશિકભાઈ વેકરીયા, કિશોરભાઈ કાનપરીયા સાથે વાતચીત કરી છે. વાતચીતમાં બંને આગેવાનોએ દીકરીને જામીન મળી જાય તેમજ ફરિયાદમાંથી



નામ દૂર થાય તે માટે સંમતિ દર્શાવાઈ છે. સાથોસાથ અગાઉ રીકન્સ્ટ્રકશન બાબતે ખોટી ગેરસમજણ થઈ છે તે બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. દીકરીને ન્યાય મળે અને ફરિયાદમાંથી તેનું નામ દૂર થાય તે માટે સંમતિ દાખલ કરવામાં આવી છે. દીકરીને જામીન મળે તે માટે સંપૂર્ણ પ્રયાસો કરવામાં આવશે. આવી કોઈપણ વાત સમાજની હોય ત્યારે ખોડલધામ ટ્રસ્ટ હંમેશા પીડિતની સાથે છે. અમરેલી જિલ્લાનાં સામાજિક આગેવાનો સાથે ખોડલધામ ટ્રસ્ટે આ બાબતે વાતચીત કરી છે અને દીકરીને જામીન મળે સુધી સાથે રહેવાની ચર્ચા કરવામાં આવી હતી. ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા અને દીકરી બંને પાટીદાર સમાજના હોવાથી તાત્કાલિક ઉકેલ આવે તે માટેનાં પ્રયાસો થઈ રહ્યા છે. કોઈપણ રાજકીય વિવાદ વગર આનો ઉકેલ આવે તે માટે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા પ્રયત્ન કરવામાં આવશે. તેમ અંતમાં ખોડલધામ ટ્રસ્ટનાં ટ્રસ્ટી દિનેશભાઈ બાંભણીયાએ જણાવ્યું હતું.

## અમરેલીમાં ઈનરવ્હીલ કલબ દ્વારા ટીબીના દર્દીઓને પોષણ કીટનું વિતરણ

અમરેલી, તા.૦૧

જિલ્લા ક્ષય કેન્દ્ર-અમરેલી ખાતે ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી-ગીર દ્વારા ટીબીના દર્દીઓ માટે ન્યુટ્રિશન કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર પૂરો પાડવાનો અને તેમને રોગ સામે લડવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં



અમરેલી શહેરના ૪૦ ટીબીના દર્દીઓએ ભાગ લીધો હતો, જેમને પોષણયુક્ત આહાર માટે કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈનરવ્હીલ કલબ દ્વારા દર્દીઓને પોષણયુક્ત આહારના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. પોષણયુક્ત આહાર લેવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે અને ક્ષય રોગ સામે લડવામાં મદદ મળે છે તેવું સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા દર્દીઓને સારવાર પૂરી કરવા, વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા તેમજ પોષણયુક્ત આહાર લેવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે યોગ અને પ્રાણાયામ કરવા જોઈએ તે માટે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા ક્ષય કેન્દ્રની ટીમે જહેમત ઉઠાવી હતી, જેના પરિણામે કાર્યક્રમ સફળ રહ્યો હતો. ઈનરવ્હીલ કલબ મહિલાઓ દ્વારા ચાલતી સામાજિક સેવાકીય સંસ્થા છે. આ કલબમાં અત્યારે ૭૦ થી વધુ મહિલાઓ જોડાયેલ છે જે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. આ કાર્યક્રમમાં સંસ્થાના બહેનોએ હાજરી આપી હતી.

## ચલાલા ખાતે અમરેલી જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા રમતોત્સવ યોજાયો

અમરેલી, તા.૦૧

ચલાલા ખાતે અમરેલી જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચલાલા પોલીસ સ્ટાફનાં ભાઈઓ અને બહેનોએ સંસ્થાના બાળકો સાથે કબડ્ડી, ખો-ખો, વોલીબોલ, બેડમિન્ટન, ક્રિકેટ સહિતની રમતોમાં ભાગ લીધો હતો. આ રમતોત્સવનું આયોજન હરીબા મહિલા કોલેજનાં કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. જેમાં



હરીબા મહિલા કોલેજની રક્ષા શક્તિ સ્કૂલ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં ભાઈઓ-બહેનોએ ભાગ લીધો હતો. વિજેતા બનનાર ટીમને મોમેન્ટો આપી સન્માન કરાયું હતું.


Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero

DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314

અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?

વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લીલીયા પંથકના ત્રણ બિસ્માર માર્ગોનો રૂ. ૩.૭૫ કરોડના ખર્ચે વિકાસ કરાશે

લીલીયા, તા.૦૧

લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના ત્રણ બિસ્માર માર્ગોના નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ અંગે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ અને હાથીગઢ ગામના સરપંચ પાયલબેન નિલેશભાઈ ધોરાજીયાએ જણાવ્યું હતું કે,



હાથીગઢ-સાજણટીંબા રોડ અને હાથીગઢ-ખારા રોડના કામ મંજૂર થયેલ હોવાથી તેનું કામ ટૂંક સમયમાં શરૂ થશે. આ ઉપરાંત હાથીગઢ-હરીપર રોડ પણ મંજૂર થયેલ છે અને તેની ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા હાલ શરૂ હોવાથી ટૂંક સમયમાં તે કામ પણ શરૂ કરાશે. આ તમામ રોડના વિકાસ કામ માટે અંદાજે રૂ. ૩.૭૫ કરોડનો ખર્ચ થશે. આ કામ માટે

**હાથીગઢ-સાજણટીંબા, હાથીગઢ-ખારા, હાથીગઢ-હરીપર માર્ગને મંજૂર કરાવતા ધારાસભ્ય કસવાલા**

સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સરકારમાંથી નાણા મંજૂર કરાવ્યા છે, તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# વડીયા પોલીસે મુખ્ય બજારમાં પગપાળા પેટ્રોલિંગ કરીને ટ્રાફિક સમસ્યા નિવારવા સૂચનાઓ આપી

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લાના વડીયા શહેરમાં પોલીસ દ્વારા મુખ્ય બજારમાં પગપાળા પેટ્રોલિંગ કરીને લોકોને ટ્રાફિકની સમસ્યાના નિવારણની સૂચનાઓ આપવામાં આવી હતી. વડીયામાં પી.એસ. આઈ. દવે અને તેમની સમગ્ર ટીમ દ્વારા પગપાળા મુખ્ય



બજાર નીકળીને વાહન ચાલકો, વેપારીઓ અને લોકોને ટ્રાફિક સમસ્યા બાબતે કડક સૂચનાઓ આપી ટ્રાફિક સમસ્યા નિવારણ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ દ્વારા પગપાળા પેટ્રોલિંગ કરી લોકોને કાયદાનું પાલન કરવા અને કોઈ પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિ કરતા હોય તથા ગુનાહિત કૃત્ય કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. પોલીસે લોકોને કાયદાનું ભાન કરાવ્યું હતું.

# ધારીમાં ડાયાબીટીસ નિદાન કેમ્પનું આયોજન, દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો

**કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોએ સેવા આપી**

અમરેલી,તા.૦૧

ધારીમાં ડાયાબીટીસ નિદાન કેમ્પનું રળીયાતબા ઘર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. સ્વ. શાંતાબેન વનમાળીદાસ સંઘરાજકા તથા ધારી સંઘરાજકા પરિવાર અને અનુપમ મિશન સંચાલિત યોગીજી મહારાજ મહા વિદ્યાલય દ્વારા ડાયાબીટીસ નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. ૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ થી ૨ વાગ્યા સુધી ધારીના શાકમાર્કેટ પાછળ આંબલી શેરી ખેતલીયાદાદાની વાડીની બાજુમાં રળીયાતબા ઘર ખાતે કેમ્પ યોજાયો હતો. જેમાં અમદાવાદની એમ. એન્ડ જે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલીજી આંખની હોસ્પિટલના ડો. જીજ્ઞેશ ગોસાઈ, ડો. વિપુલ પ્રજાપતિ, ડો. સ્વાતિબેન રવાણી અને ડો. શશાંક પટેલે સેવા આપી હતી. આયોજકોની અપીલને ધ્યાને લઈ જરૂરિયાતમંદ દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પમાં ધારી શહેરના સામાજિક અને રાજકીય આગેવાનો હાજર રહ્યાં હતા. જરૂરિયાતમંદ દર્દીઓને સ્થળ પર જ દવા આપવામાં આવી હતી.

# બાબરાના કરિયાણા ગામે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૧

બાબરા તાલુકાના કરિયાણા મુકામે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અને બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિનું મહત્વ વિષયક નિષ્ણાંતો દ્વારા વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક કૃષિના મહત્વના ઘટકરુપ જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, મિશ્ર પાક પદ્ધતિ ઉપરાંત પ્રાકૃતિક કૃષિના ફાયદા વગેરે ઉપરાંત



રોગ નિયંત્રણ માટે નિમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, આગ્નિસ્ત્રની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. બાગાયતી પાકોમાં પ્રાકૃતિક કૃષિના મહત્વ વિશે પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. કરિયાણા ગામ સ્થિત ચામુંડા પ્રાકૃતિક કૃષિ ફાર્મ ખાતે ખેડૂતોએ રુબરુ મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ વિષયક વિગતો પ્રાપ્ત કરી હતી. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા જિલ્લામાં આંતરિક પ્રવાસનું આયોજન હાથ ધરવામાં આવે છે. આ અંતર્ગત કરિયાણા મુકામે જી.પી.કે.વી.બી.ના નિષ્ણાંતો દ્વારા ખેડૂતો સાથે મુલાકાત કરવામાં આવી હતી સાથે પરંપરાગત ખેતી કરતાં ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

# જિલ્લામાં ૩૧ ડિસેમ્બરે કેફી પીણું પીને ફરતાં ૧૩૫ ઝડપાયા

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાં પોલીસે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના દિવસે કેફી પીણું પીને છાકટા થઈને ફરતાં ૧૩૫ લોકોને લોકઅપ ભેગા કર્યા હતા. ૨૧ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં ઝડપાયા હતા. જ્યારે ૪૬ ઈસમો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સાવરકુંડલામાં ખાદી કાર્યાલય પાસેથી એક યુવક પાસેથી બે બોટલ દારૂ ઝડપાયો હતો.

## અવસાન નોંધ

**બોરડી**

મૂળ ગામ બોરડી સમઢિયાળા નિવાસી હાલ થાણા પાચાભાઈ પોપટભાઈ બુટાણી તથા પ્રભાબેનના પુત્રી તથા બાબુભાઈના પત્ની નેહલબેન તા. ૩૦/૧૨ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે શ્રીષ્ટીના માતા, તે નિખી, ક્રિંજળ, સેજલ, સોનલના બહેન, તે સ્મિતાના નણંદ, તે ટ્રીશાનના ફઈબા થાય છે. પ્રાર્થના સભા ૨/૧ના રોજ બપોરે ૩ થી ૫ તિલબ બેન્કવેટ હોલ, ઠાકર કંપાઉન્ડ, ટીકુજીની વાડી રોડ, માનપાડા, લેન્ડ માર્ક હોટલ પ્રસાદ થાણા ખાતે રાખેલ છે.

## શ્રી બરવાળા બાવીસી પ્રા. શાળા

### જાહેર હરરાજી

આથી રસ ધરાવતા વ્યકિતઓને જણાવવાનું કે કુંકાવાવ તાલુકાની બરવાળા બાવીશી પ્રાથમિક શાળાનો જર્જરિત ઈમલો હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે, કે બરવાળા બાવીશી પ્રા.શાળા ખાતે સ્લેબ વાળા રૂમ ત્રણ (૩) જે તે સ્થિતિમાં ફકત ઈમલા(કાટમાળ) ની જાહેર હરરાજી તા.૦૭-૦૧-૨૦૨૫ ને મંગળવાર ના રોજ બપોરના ૩:૦૦ કલાકે શાળાના મેદાનમાં રાખવામાં આવેલ છે. ઈમલા (કાટમાળ)ની સ્થળ સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે. રસ ધરાવતા ઈસમોએ શરતોને આધીન સ્વ ખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. સદર ઈમલાના નિયમો અને શરતો સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ :- પુરા ઈમલાની અપસેટ કિંમત રૂપિયા ૨૪,૨૦૦/- (ચોવીસ હજાર બ-સો રૂપિયા પુરા) છે.

| ગોંડલીયા ચંદ્રિકાબેન એસ.<br>સભ્ય સચિવ<br>એમ.એમ.સી. બરવાળા બાવીશી | વાળા મંગળુભાઇ ડી.<br>અધ્યક્ષ<br>એસ.એમ.સી.બરવાળા બાવીશી |
|---|---|

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૪૨/૨૦૨૪

અરજદાર: શ્રી માણેકબેન ભીખાભાઇ બાંભણીયા
સરનામુ: મું.વઢેરા તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - વઢેરા મું.વઢેરા, તા.જાફરાબાદ જિ.અમરેલી

### નોટીસ

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વઢેરા** ગામના **શ્રી માણેકબેન ભીખાભાઇ બાંભણીયા** એ તેમની **પુત્રી નામે શ્રી વાલીબેન ભીખાભાઇ બાંભણીયા નો જન્મ** તા.૦૯/૦૫/૧૯૯૯ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૪ માહે ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૨૪/૧૨/૨૦૨૪

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક: ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ક
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત: ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝ્યુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક,
અમરેલી. Mo. 99095 23338 | 98790 23338

ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેક્ચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# થર્ટી ફર્સ્ટની ઉજવણી કરી પરત આવતા પીધેલાઓને ઝડપી પાડતી અમરેલી પોલીસ

અમરેલી,તા.૦૧



દિવથી આવતા લોકો પ્રથમ ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર પ્રવેશ કરી ઉના તરફથી અમરેલી જિલ્લામાં આવેલ જાફરાબાદ તાલુકાના ટીંબી ચેકપોસ્ટ ઉપર પ્રવેશ કરે છે. અહીં નાગેશ્રી પોલીસની ટીમો દ્વારા વાહન ચેકિંગની કામગીરી રાતભર ચાલી હતી, જેના કારણે દિવ તરફથી પાર્ટી મનાવી નશો કરેલી હાલતમાં આવતા અનેક લોકોને નાગેશ્રી પોલીસે વાહન ચેકિંગ દરમ્યાન ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. કોઈ નશો કરેલું છે કે કેમ? ક્યાં વિસ્તારમાંથી આવી રહ્યા છે તેની રાતભર પોલીસે નોંધ કરી હતી. અમરેલી જિલ્લામાં લાઠી, બાબરા, રાજુલા, જાફરાબાદ, પીપાવાવ મરીન પોલીસ વગેરે વિવિધ પોલીસ ટીમે હાઈવે પર વાહન ચેકિંગની કામગીરી કરી હતી. રાત્રીના પોલીસે એલર્ટ મોડમાં રહી કોઈ નશો કરેલી હાલતમાં છે કે કેમ? તેનું ચેકિંગ કરતી જોવા મળી રહી હતી. નાગેશ્રી પોલીસે ૩૧, ખાંભા પોલીસે ૨૮ અને રાજુલા પોલીસે ૭ પીધેલા પકડ્યા હતા.

# બગસરામાં સેવાભાવીએ શિયાળામાં જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કર્યું

બગસરા,તા.૦૧


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં સતત સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા આર્મીમેન તરીકે ઓળખાતા જેન્તીભાઇ ઠક્કરે શિયાળામાં જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કર્યુ હતું. ઉપરાંત તેમણે શહેરમાં આંખોની સારવાર માટે નેત્ર કેમ્પ સહિતના સેવાકીય કાર્યો હાથ ધર્યા હતા. જેન્તીભાઈ ઠક્કર બટુકભાઈ ડોલાશિયા ભલગામવાળા તરીકે પણ જાણીતા છે. તેમણે પોતાની જિંદગી જાણે માનવસેવામાં ખર્ચી નાખી હોય એમ સતત માનવસેવામાં તત્પર હોય છે. જેન્તીભાઈએ ઉનાના એક વ્યક્તિને બંને કિડની ફેઈલ થઈ ગઈ હતી તેમને આર્થિક સહાય પણ કરી હતી. તેમજ બ્રહ્મ ચોર્યાશીનું આયોજન પણ કરે છે. ઉપરાંત આંખના દર્દીઓ માટે અનેક વખત નેત્ર કેમ્પ પણ યોજ્યા છે. તેમજ તહેવારોના દિવસોમાં જરૂરિયાતમંદોને પણ જોઈતી મદદ પુરી પાડે છે. ત્યારે કડકડતી ઠંડીમાં જેન્તીભાઈ ઠક્કરે શહેરમાં જરૂરિયાતમંદોને ધાબળાનું વિતરણ કર્યું હતું.

# અમરેલીમાં સોનાની સર બનાવવાનું કહી એક લાખની છેતરપિંડી આચરી

અમરેલી, તા.૦૧

અમરેલીમાં એક વેપારીની દુકાને આવેલા એક યુવકે વેપારીને વિશ્વાસમાં લઈ એક લાખની છેતરપિંડી કરી હતી. બનાવ અંગે ચિમનભાઈ ધનંજયભાઈ બેરા (ઉ.વ.૩૮) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પાંચેક દિવસ પહેલા તેમની દુકાને આવી વિશ્વાસમાં લઈ બે મંગળસુત્રની સોનાની સર(દોરી) બનાવવાનું કહી મંગળસુત્રની સર(દોરી) બની ગયા બાદ સોનું આપવાની વાત કરી હતી. જે બાદ તેમની પાસેથી સોનાના મંગળસુત્રની સર(દોરી) જોવા માંગી સામે પીળી ધાતુ જેવી લગડી આપી હતી. જે ચેક કરતાં ખોટી જણાઈ હતી. આમ તેની સાથે આરોપી રૂ.૧,૦૦,૦૦૦નો વિશ્વાસઘાત તથા છેતરપિંડી કરી ફરાર થઈ ગયો હતો.

# ગજેરા કેમ્પસમાં અનોખી રીતે થર્ટી ફર્સ્ટની ઉજવણી સાથે વડીલ વંદના કરવામાં આવી

અમરેલી, તા.૦૧



અમરેલી, તારીખ ૩૧-૧૨-૨૦૨૪ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના પ્રાથમિક શાળા ગુજરાતી, મિશ્ર અને અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે વડીલ વંદના કાર્યક્રમનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓમાં વડીલો પ્રત્યે આદર અને સંસ્કારનું નાનપણથી જ સિંચન કરવામાં આવે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ કાર્યક્રમને અનુલક્ષીને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થનાગીત, સ્વાગત ગીત અને ડાન્સ કૃતિ રજૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત બાળકો દ્વારા આભાર વ્યક્ત કરવા સાથે માતા-પિતા અને દાદા-દાદીનું પૂજન કરવામાં આવ્યું હતું. આવી રીતે ભારતીય સંસ્કૃતિ-સંસ્કારનો વારસો જાળવી ૩૧ ડિસે.ની અનોખી ઉજવણીનું આયોજન કરવા બદલ તમામને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ અભિનંદન પાઠવ્યા હતા.

# સુરતના યુવકનો વીરપુર ગામેથી મોબાઈલ ચોરાયો

અમરેલી, તા.૦૧

અમરેલી જિલ્લામાંથી મોબાઈલ ચોરીની વધુ બે ઘટના નોંધાઈ હતી. સાવરકુંડલામાં રહેતા અજયભાઈ કનુભાઈ ગોંડલીયાએ જાહેર કર્યા મુજબ, તેઓ નાવલી બજારમાંથી મણીભાઈ ચોક પાસે આવેલી પાન-માવાની દુકાને ગયા ત્યારે રસ્તામાં પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ પડી જતાં અજાણ્યો શખ્સ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયો હતો. સુરતના કામરેજમાં રહેતા મનિષભાઈ બાબુભાઈ બોરડ (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેઓ ધારીના વીરપુર ગામે સુરાપુરા દાદાના દર્શન કરવા ગયા હતા. આ સમયે ફોન પડી જતાં અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને લઈ ગયો હતો.

# સાવરકુંડલાના મઢડા ગામે કુટુંબીજનોમાં માથાકૂટ થઈ

સાવરકુંડલા, તા.૦૧

સાવરકુંડલાના મઢડા ગામે રહેતા રાજુભાઈ લાલજીભાઈ સરવૈયા (ઉ.વ.૩૧)એ નીતિનભાઈ ગોબરભાઈ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, નીતિનભાઈની પાન-માવાની દુકાને તેમના કાકાનો દીકરો બેઠો હતો. તેમણે માવા મંગાવતા બીજી દુકાનેથી લઈને આપતાં આરોપીને ગમ્યું નહોતું.

જેને લઈ ગાળો આપી, મુંઢ ઈજા કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના હાઈવે પર પોલીસ દ્વારા ચેકિંગ

**પોલીસે પીધેલાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી**

ખાંભા, તા.૦૧


તસવીર : રૂચિત મહેતા

થર્ટી ફર્સ્ટને લઈને ખાંભા તેમજ ખાંભાથી ઉના, દીવ, સોમનાથ જતા હાઈવે પર પોલીસ દ્વારા ચેકિંગની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આઉટ પોસ્ટ ખાંભા પી.એસ. આઈ તેમજ ખાંભા પોલીસ દ્વારા હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોને ગન બ્રેથ એનેલાઈજર દ્વારા ચેકિંગ કરાયું હતું અને નશો કરેલા જણાય તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી હતી તેમજ ગાડીઓની ડેકી ખોલીને તપાસ કરવામાં આવી હતી. પીધેલા વ્યક્તિઓ સામે ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ કરાયો હતો. ચેકિંગની કામગીરી આખી રાત કરવામાં આવી હતી અને ડ્રિંક એન્ડ ડ્રાઈવના ૨૫ થી ૩૦ કેસ નોંધવામાં આવ્યા હતા.

# સા.કુંડલાના વિવિધ વિસ્તારમાં વિનામૂલ્યે છાશ વિતરણ

સાવરકુંડલા,તા.૦૧



મહાવીર સ્વામીના અનુયાયી માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન મુંબઈ-સાવરકુંડલા વાળાના સંપૂર્ણ સહયોગથી કાયમી ધોરણે છાશ કેન્દ્રનું સંચાલન કરવામાં આવે છે. જેમાં સાવરકુંડલા શહેરના જલારામ મંદિર, ગાયત્રી મંદિર તથા દેવળા ગેઈટ-કૃષ્ણ ગૌશાળા ખાતેથી ૨૦૦થી વધુ પરિવારો તેનો લાભ લઈ રહ્યા છે. સર્વોદય નગર, હાથસણી રોડ, કૃષ્ણ પ્લોટ, નેસડી રોડ, બાર શેરી, ઉતાવળા હનુમાનજી વિસ્તારના લોકો પણ આ છાશ કેન્દ્રોનો બહોળા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: ત્રીજ
તા. ૦૨-૦૧-૨૦૨૫, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૧૩,
સૂર્યાસ્ત-૦૫:૩૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ઉત્તરાષાઢા

## દૈનિક રાશિફળ

તા.૦૨-૦૧-૨૦૨૫ ગુરૂવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઇ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA
PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

**તંત્રી લેખ**

# ન્યુ યર ૨૦૨૫ના શુભ સંકલ્પ સાકાર કરીએ

ઈસવીસન ૨૦૨૫ નો પ્રારંભ થઈ ચૂક્યો છે. ક્રિશ્ચિયન સમાજ માટેનો જ નહીં પણ વિશ્વ માટેનો સૌથી મોટો ઉત્સવ પહેલી જાન્યુઆરી છે જે મોટાભાગના દેશોમાં ઉજવાય છે. જે આપણા દેશમાં પણ સારી રીતે ગોવા, દિલ્હી સહિતના નાના મોટા મેટ્રો શહેરમાં ઉજવવામાં આવે છે. ન્યુ યરના સંકલ્પોને સાકાર કરીએ. સમયની ગતિ ઝડપી છે અને જિંદગી ટૂંકી છે. આ ટૂંકી જિંદગીની અંદર આપણા સપનાઓ સાકાર કરવાના છે. પરિવારને સુખરૂપ અને સલામત રાખવાનો છે. જીવનને એક ઉત્સવ બનાવવા માટેનો સંકલ્પ કરવાનો છે. સાથોસાથ આપણી આસપાસ આપણા સમાજમાં લોકોને મદદરૂપ થવાનો પણ એક શુભ સંકલ્પ નવા વર્ષમાં સાકાર કરીએ. દિવસે દિવસે સમય બદલાતો જાય છે. મોંઘવારી વધતી જાય છે એવા સંજોગોમાં સારી રીતે જીવવા માટે આપણી જરૂરિયાતોને બને તેટલી ઘટાડવામાં આવે તો આર્થિક રીતે આપણે મોંઘવારી સામે ઝઝુમી શકીએ અને સારી રીતે જીવી શકીએ. આજે લોકો દેખાદેખીથી ક્રેડિટ કાર્ડ પર વધુને વધુ ખર્ચ કરી રહ્યા છે. જેની પાસે ક્રેડિટ કાર્ડ નથી તે બેંકોમાંથી અને પ્રાઈવેટ લોકો પાસેથી લોન લઈને પણ સુખી જીવનના સાધનો વસાવે છે. મોંઘાદાટ મોબાઈલ અને બાઈકનો ક્રેઝ મધ્યમ વર્ગને મુશ્કેલીમાં મૂકી શકે છે. આવા સંજોગોમાં આપણે સંકલ્પ કરીએ કે પછેડી પ્રમાણે સોડ તાણીએ તો સારી રીતે જીવી શકીએ. આજે સૌથી મોટી સમસ્યા સમયની છે આજે કોઈ પાસે સમય નથી. આ સમસ્યા ટાઈમની નથી પણ ટાઈમ મેનેજમેન્ટની છે. ટાઈમ મેનેજમેન્ટ નથી એટલે લોકો કહે છે કે અમારા માટે તો મરવાનો પણ સમય નથી. યમરાજા લેવા આવે તો કહેવું પડે કે વન મિનિટ પ્લીઝ! અત્યારે મને મરવાનો સમય નથી!

સમય એ એવી વસ્તુ છે કે જો વ્યર્થ ગુમાવવામાં આવે તો સમય રહેતો નથી. માટે ટાઈમ મેનેજમેન્ટ કરીને જીવનની અનમોલ પળોનો સાર્થક કાર્યમાં ઉપયોગ કરી લેવો જોઈએ. ન્યુ યરનો જે આનંદ છે તે જીવનભર રહેવો જોઈએ. છેલ્લા કેટલાક સમયથી આપણા દેશમાં ન્યુ યર સેલિબ્રેશનનો ક્રેઝ વધતો જાય છે. નવા વર્ષને આવકારવા માટેની એક સારી પ્રથા પાડવી જરૂરી છે. સેલિબ્રેશનને નામે થઈ રહેલા ગુનાઓ જેવા તેવા નથી. પાછલા દસ વર્ષની અંદર મેટ્રો શહેરમાં સેલિબ્રેશનની ઉજવણીને નામે જે કંઈ થયું છે તે નેગેટીવ સાઈડ છે તેને આપણે નજરઅંદાજ ન કરી શકીએ. અમદાવાદ શહેરમાં સેલિબ્રેશનની ઉજવણીના નામે દારૂની પાર્ટીઓ, છોકરીઓની છેડતીઓ સહિતની જે ઘટનાઓ બની છે તે વસ્તુ યોગ્ય નથી. આવા તત્વોને કડકમાં કડક સજા ફટકારવી જોઈએ. બેફામ સ્પીડમાં વિદેશી કાર અને બાઈક ચલાવતા નબીરાઓની સાન ઠેકાણે લાવવાની ફરજ સરકારની છે. આવી ઘટના વારંવાર બને છે.

સેલિબ્રેશનની ઉજવણી થાય તેનો વિરોધ કરવાનો હેતુ નથી. આપણા માટે નવા વર્ષની ઉજવણી વિક્રમ સંવત ગણાય તેની ઉજવણી આપણે આનંદથી કરીએ છીએ આપણું રાષ્ટ્ર સર્વ ધર્મ સમભાવમાં માનતું હોવાથી આપણે પણ ન્યુ યરને પ્રારંભનો દિવસ માનીને આગામી સમયમાં કંઈક સાર્થક કાર્ય કરીએ તે જરૂરી છે.સેલિબ્રેશનની ઉજવણી નિમિત્તે આપણે જે કોઈ ધર્મમાં માનતા હોઈએ તે ધર્મના ઈષ્ટદેવને પ્રાર્થના કરી રાષ્ટ્રના વિકાસ માટે, સમાજના વિકાસ માટે કંઈક કરી છૂટવાનો સંકલ્પ કરીએ તે જરૂરી છે.

# ૨૦૨૫ના નવા વર્ષમાં રાષ્ટ્રમાં ડિજિટલ કરન્સીનો ઉપયોગ સાર્વત્રિક બનશે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**



વિશ્વભરમાં રોકડ નાણું ધીમે ધીમે અદ્રશ્ય થતું જશે. આજે આપણા દેશની અંદર મોટાભાગના લોકો રોકડ નાણાનો ઉપયોગ કરે છે. ચલણી નોટો અને સિક્કાઓ દ્વારા અત્યારે ૭૦% લોકોનો વ્યવહાર ચાલે છે. ૩૦ થી ૪૫% સુધીના લોકો ઓનલાઈન પેમેન્ટ કરે છે. સાયબર ક્રાઈમના ડરથી આજે સમાજના અનેક લોકો ઓનલાઈન પેમેન્ટથી ભય અનુભવે છે અને તેઓ રોકડમાં જ વહેવાર કરવાનું ચાલુ રાખે છે પરંતુ જો સલામત રીતે ડિજિટલ પેમેન્ટ કરવામાં આવે તો તેમાં ખાસ વાંધો આવતો નથી. સાયબર ક્રાઈમનો ગ્રાફ ધીમે ધીમે ઉંચો ચડી રહ્યો છે ખાસ કરીને ડિજિટલ એરેસ્ટમાં લોકો પૈસા ગુમાવી રહ્યા છે આ માટે સરકાર જનજાગૃતિના કાર્યક્રમો ચલાવે છે. આકાશવાણીથી માંડી ટીવી ચેનલો અને ટીવી ચેનલોથી માંડીને ફોન કોલમાં પણ આ અંગેની ચેતવણીઓ કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક દ્વારા રિલીઝ કરવામાં આવે છે. આ અંગે લોકોમાં જાગૃતિ લાવવા માટે મોટા શહેરોમાં તથા નગરોમાં મોટા હોર્લ્ડિંગ્સ મૂકવામાં આવ્યા છે જેથી લોકો ડિજિટલ ક્રાઈમ સામે જાગૃત થઈ શકે. ભારતમાં ડિજિટલ કરન્સીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેના સહભાગીઓમાં ગ્રાહકો અને વેપારીઓનો સમાવેશ થાય છે. પ્રાયોગિક ધોરણે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી હાલમાં ડિજિટલ કરન્સી વૉલેટનો ઉપયોગ કરીને વ્યક્તિ-થી-વ્યક્તિ વ્યવહારો અને વ્યક્તિ-થી-વેપારી વ્યવહારોની સુવિધા આપે છે. અત્યાર સુધીના અનુભવ પછી, રિઝર્વ બેંકે દરખાસ્ત કરી છે કે આ ચલણની પ્રોગ્રામેબિલિટી (આ કિસ્સામાં સૂચનાઓને સમજવા, સ્વીકારવા અને તેનું પાલન કરવામાં સક્ષમ ગણતરી સિસ્ટમ) અને ઑફલાઈન કાર્યક્ષમતાનો પ્રયાસ કરવો જોઈએ જેથી કરીને માત્ર ડિજિટલ જ નહીં, પરંતુ આ ચલણને પણ અપનાવવામાં આવશે. ચલણમાં વધારો થશે, પરંતુ તે જાહેર નીતિના ધ્યેયો હાંસલ કરવામાં પણ મદદ કરશે.

સેન્ટ્રલ બેંકે તેની જાહેરાતમાં જણાવ્યું તેમ, 'પ્રોગ્રામેબિલિટી' સરકારી એજન્સીઓ જેવા વપરાશકર્તાઓને સુનિશ્ચિત કરવા માટે પરવાનગી આપશે કે સુનિશ્ચિત લાભો માટે ચૂકવણી કરવામાં આવશે. આનો અર્થ એ છે કે પસંદ કરેલ અંતર્ગત નિયમો ચલણના ઉપયોગને પ્રતિબંધિત કરશે. આવી વિશેષતાઓ સાથે સરકાર એ પણ સુનિશ્ચિત કરવાની સ્થિતિમાં હશે કે ચલણનો યોગ્ય ઉપયોગ થાય. ઉદાહરણ તરીકે, જો સરકાર અથવા અન્ય કોઈ એજન્સી શાળાના વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવા માટે ડિજિટલ ચલણમાં ચૂકવણી કરે છે, તો તેનો ઉપયોગ ફક્ત પુસ્તકોની દુકાનોમાં જ થશે.

ડિઝાઈન મુજબ, જો ચોક્કસ સમયગાળા માટે ચલણનો ઉપયોગ ન થાય તો, તે મોકલનારના ખાતામાં પરત કરી શકાય છે. આ ખાતરી કરશે કે પૈસા યોગ્ય રીતે ખર્ચવામાં આવે છે. આનાથી છેતરપિંડીનું જોખમ પણ ઘટશે. ખાનગી કંપનીઓ દ્વારા ચોક્કસ ખર્ચની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સમાન પદ્ધતિઓનો ઉપયોગ પણ કરી શકાય છે.

ક્રિપ્ટોકરન્સીનો સામનો કરવા માટે મૂળ ડિજિટલ ચલણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભારતીય રિઝર્વ બેંક (RBI) તેના અધિકારીઓ સાથે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC) માટે તેનું પરીક્ષણ કરશે. મધ્યસ્થ બેંકે તાજેતરમાં RBI અધિકારીઓના CBDC વૉલેટમાં ભરપાઈ કરવા માટેના ભથ્થાંનો એક ભાગ જમા કરવાનો નિર્ણય કર્યો છે.

હોમગ્રોન ડિજિટલ કરન્સી એટલે કે સીબીડીસીને કેન્દ્રીય બેંકો દ્વારા સુરક્ષિત અને સ્માર્ટ પેમેન્ટ વિકલ્પ તરીકે તેમજ ક્રિપ્ટોકરન્સીનો સામનો કરવા માટેનું એક પગલું માનવામાં આવે છે. તે સંપૂર્ણપણે ડિજિટલ હશે અને ડિજિટલ વોલેટમાં હશે. આના દ્વારા તમે ગમે ત્યાં પેમેન્ટ કરી શકશો. તે ભારતમાં સંપૂર્ણપણે કાયદેસર હશે. હાલમાં ભારતમાં ક્રિપ્ટોકરન્સીમાં ચૂકવણી કાયદેસર નથી. જો કે, અન્ય ઘણા દેશોમાં ઘણી કંપનીઓ અને સંસ્થાઓ ક્રિપ્ટોકરન્સીમાં ચૂકવણી સ્વીકારે છે.


ભારતીય રિઝર્વ બેંક (RBI) એ શુક્રવારે (૭ ઓક્ટોબર)એ ડિજિટલ ઈ-રૂપી (digital E Rupee) નો પાયલોટ પ્રોજેક્ટ ટૂંક સમયમાં શરૂ કરવાની જાહેરાત કરી હતી. મધ્યસ્થ બેંકે ડિજિટલ રૂપી ચર્ચા કરવા માટે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી અંગે એક કન્સેપ્ટ નોટ બહાર પાડી છે. આ કન્સેપ્ટ નોટ લોકોમાં જાગરૂકતા ફેલાવવાના ઉદ્દેશ્યથી જારી કરવામાં આવી છે, જેથી લોકોને ડિજિટલ કરન્સી વિશે યોગ્ય રીતે જાગૃત કરી શકાય. ઉપરાંત રિઝર્વ બેન્કે ભારતીય રૂપિયાની સમાંતર ઈ-રૂપી વૉલેટ લોન્ચ કરવાની વાત કહી છે. ભારતની મધ્યસ્થ બેન્કે કહ્યું કે, સીબીડીસીનો હેતુ લોકોને જોખમ મુક્ત વર્ચ્યુઅલ કરન્સી પ્રદાન કરવાનો છે જે તેમને ખાનગી વર્ચ્યુઅલ કરન્સીના (cryptocurrency) ટ્રાન્ઝેક્શનમાં જોખમ લીધા વગર ફાયદો કરાવશે. CBDC જારી કરવા પાછળ બે અભિગમો છે – એક ડિજિટલ રૂપિયો બનાવવો જે કાગળના ચલણ જેવો હોય અને બીજો ડિજિટલ રૂપિયાને અવરોધરહિત રીતે રજૂ કરવાની પ્રક્રિયાનું સંચાલન કરવું. આ કન્સેપ્ટ મુજબ, ડિજિટલ રૂપિયાના ઉપયોગ અને કાર્યના આધારે CBDCs ને બે વિસ્તૃત કેટેગરી – સામાન્ય હેતુ (રિટેલ) (CBDC-R) અને હોલસેલ (CBDC-W) માં વિભાજિત કરી શકાય છે. રિટેલ CBDC એ મુખ્યત્વે રિટેલ ટ્રાન્ઝેક્શન માટે રોકડનું ઈલેક્ટ્રોનિક વર્ઝન છે. તે સંભવિતપણે તમામ – ખાનગી ક્ષેત્ર, બિન-નાણાકીય ગ્રાહકો અને વ્યવસાયો બધા માટે ઉપલબ્ધ હશે. જ્યારે, હોલસેલ CBDCને પસંદગીની નાણાકીય સંસ્થાઓ સુધી મર્યાદિત ઍક્સેસ આપવા માટે તૈયાર કરવામાં આવી છે.

ડિજિટલ કરન્સીના ફાયદા:- ડિજિટલ કરન્સીની શરૂઆત બાદ રોકડ નાણાં પાસે રાખવાની જરૂર રહેશે નહી. તે મોબાઈલ વોલેટની જેમ કામ કરશે. તેના પર વ્યાજ પણ મળશે. ડિજિટલ કરન્સી મોબાઈલ વૉલેટ (mobile wallet) અથવા એકાઉન્ટમાં રાખી શકાય છે. ડિજિટલ કરન્સી અમલમાં આવતા દેશમાં પેપર કરન્સીનો ઉપયોગ પણ ઘટશે. CBDCનો ઉપયોગ ઈન્ટરનેટ વગર પણ કરી શકાય છે.

ટોકન- બેઝ્ડ અને એકાઉન્ટ-બેઝ્ડ ડિઝાઈનઃ- મધ્યસ્થ બેંક કહે છે કે ઈ-રૂપી અથવા CBDCને ટોકન-આધારિત અથવા એકાઉન્ટ-આધારિત તરીકે ડિઝાઈન કરી શકાય છે. ટોકન આધારિત CBDCમાં, ટોકન મેળવનાર વ્યક્તિ ચકાસશે કે ટોકનની માલિકી અસલી છે. બીજી બાજુ, એકાઉન્ટ-આધારિત સિસ્ટમને CBDCના તમામ ધારકોના બાકી લેણા અને ટ્રાન્ઝેક્શનના રેકોર્ડ રાખવાની જરૂર પડશે. રિઝર્વ બેન્કના મતાનુસાર CBDCને ઈશ્યુ અને સંચાલન કરવા માટે બે મોડલ છે – ડાયરેક્ટ મોડલ (સિંગલ લેવલ મોડલ) અને ઈનડાયરેક્ટ મોડલ (ટુ-લેવલ મોડલ). ડાયરેક્ટ મોડલમાં મધ્યસ્થ બેંક ડિજિટલ રૂપી સિસ્ટમના તમામ પાસાઓના સંચાલન માટે જવાબદાર હશે. જ્યારે, ઈનડાયરેક્ટ મોડલ એક મોડલ હશે જેમાં મધ્યસ્થ બેંક અને અન્ય મધ્યસ્થીઓ દરેકે પોતપોતાની ભૂમિકા ભજવવાની રહેશે.

**ડિજિટલ રૂપિયાના ઉપયોગ અને કાર્યના આધારે CBDCs ને બે વિસ્તૃત કેટેગરી – સામાન્ય હેતુ (રિટેલ) (CBDC-R) અને હોલસેલ (CBDC-W)માં વિભાજિત કરી શકાય છે. રિટેલ CBDC એ મુખ્યત્વે રિટેલ ટ્રાન્ઝેક્શન માટે રોકડનું ઈલેક્ટ્રોનિક વર્ઝન છે.**

## શબ્દ સંજોગ-૧૯૨૮



**આડી ચાવી :**
(૧) ભારતનું એક રાજય (૪)
(૪) અક્ષય રીતે-સતત ઝરતુ કે વહેતુ (૪)
(૭) પ્રેમ (અં) (૨)
(૮) ખેતરમાં જવા આવવા માટે બે પાંખિયાવાળુ લાકડું ઘાલી કરવામાં આવતો રસ્તો - છીંડું (૪)
(૧૧) એક બેકરી પ્રોડકટ (અ) (૨)
(૧૨) ભરડકું, કાંજી (૨)
(૧૩) પોલું નહી તેવુ, સંગીન (૩)
(૧૫) કાંકરી, મરડિયો (૩)
(૧૬) વંશ, મૂળ (૧)
(૧૭) ક્ષણનું, ક્ષણભંગુર (૩)
(૨૦) ચિઠ્ઠી, કાગળ (૨)
(૨૨) શિક્ષા, દંડ (૨)
(૨૩) બહુવચનનું ટૂંકુ રૂપ (૨)
(૨૪) મજનુંની પ્રેમિકા (૩)
(૨૫) ઈચ્છા, ઉમેદ (૨)
(૨૬) નાલ, લાંબી પોલી દાંડી કે નળી (૨)
(૨૭) ગુજરાતની એક મોટી નદી (૨)
(૨૮) ગોઠવણ, વ્યવસ્થા (૩)

**ઉભી ચાવી :**
(૧) મોગરીથી વગાડવાની ઘડિયાળ (૩)
(૨) તાન, ઉમંગ (૨)
(૩) ગોટાળો, ખીચડો (૨)
(૪) રીત, લાગો (૩)
(૫) જુનું થવાથી બેસ્વાદ (૨)
(૬) શિરસ્તો, ધારો (૩)
(૯) યુનિવર્સિટીની વિદ્યાશાખાનો અધ્યક્ષ (૨)
(૧૦) એક પશુ (૩)
(૧૨) ઈંદ્રજિત (૩)
(૧૩) ઉંટની નાથ (૩)
(૧૪) તારાનું ઝૂમખું (૩)
(૧૮) દાવપેચ (૪)
(૧૯) આનંદ, લહેર (૨)
(૨૦) ઓળો, પ્રતિબિંબ (૪)
(૨૧) નાનું ઢોલ, પખાજ (૩)
(૨૨) નમસ્કારનો એક પ્રકાર (૩)
(૨૩) કેળુ (અં) (૩)

## શબ્દ સંજોગ-૧૯૨૭ જવાબ

**આડી ચાવી:** (૧) તુલસી (૪) નાપસંદ (૭) લખમણ (૯) મરવો (૧૧) નાત (૧૨) રમાપતિ (૧૪) અવેજી (૧૫) પટ (૧૬) કલદાર (૧૮) સદરો (૧૯) છેદન (૨૦) ક્ષમા (૨૨) બોચી (૨૩) દગો (૨૫) નકશો (૨૮) ખરીફ (૨૯) જમાત. **ઉભી ચાવી:** (૧) તુલનાત્મક (૨) લખત (૩) સીમ (૫) સંમત (૬) દર (૮) ણરવરછેણ(વેરણછેરણ) (૧૦) વોરંટ (૧૩) માજી (૧૪) અદા (૧૫) પરોક્ષ (૧૭) લવચીક (૧૮) સનદ (૨૧) મારફત (૨૨) બોનસ (૨૪) ગોરજ (૨૬) શોખ (૨૭) હાંફ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૮૮ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૬૦૩ | ૬૬૪ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૫૩ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૭૨૫ |
| ચણા પીળા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૬૨૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૮૦ |
| મગ | ૧૪૨૫ | ૧૯૦૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ચોળી | ૧૧૯૦ | ૨૩૬૬ |
| મઠ | ૭૫૦ | ૧૧૮૦ |
| કળથી | ૯૨૫ | ૧૦૨૫ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૯૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૪૦ |
| તલી | ૨૦૮૦ | ૨૫૯૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૨૨ |
| અજમો | ૧૩૮૧ | ૨૨૯૨ |
| સુવા | ૧૧૫૫ | ૧૨૯૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૨૯૫ |
| કાળા તલ | ૩૪૨૦ | ૪૯૦૦ |
| લસણ | ૧૭૦૦ | ૪૦૫૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૧૧ |
| મરચા સુકા | ૧૧૦૦ | ૨૬૯૫ |
| ધાણી | ૧૧૬૦ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૧૪૦ | ૧૬૧૨ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૫૮૬ |
| રાય | ૧૦૩૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૫૦ | ૧૧૭૦ |
| ઇસબગુલ | ૧૯૨૫ | ૨૦૨૫ |
| રાયડો | ૯૮૦ | ૧૧૦૯ |
| રજકાનું બી | ૩૫૨૫ | ૪૧૨૫ |
| ગુવારનું બી | ૯૫૦ | ૧૦૦૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૯૦૦ |
| બટેટા | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૮૦ | ૫૪૦ |
| ટમેટા | ૨૦૦ | ૪૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૮૦ | ૨૦૦ |
| કોબીજ | ૬૦ | ૮૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૯૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૫૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૮૫૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૮૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૯૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૦૦ | ૧૪૭૯ |
| શિંગ મઠડી | ૮૧૦ | ૧૦૯૩ |
| ગિરનારી શીંગ | ૮૫૦ | ૧૨૮૦ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૧૯૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૧૭૪૫ | ૨૫૪૫ |
| તલ કાળા | ૩૪૫૫ | ૪૮૦૦ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૬૬૯ |
| ઘઉં લોકવન | ૫૪૧ | ૬૨૯ |
| અડદ | ૧૨૫૦ | ૧૪૫૦ |
| ચણા | ૮૧૫ | ૧૩૨૦ |
| તુવેર | ૧૨૧૫ | ૧૫૫૪ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૧૩ |
| જીરૂ | ૨૯૦૦ | ૪૪૦૦ |
| ધાણા | ૧૧૪૦ | ૧૪૨૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૪ |
| મરચાલાંબા | ૪૧૦ | ૨૮૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૨૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૭૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૧૦ | ૨૪૦ |
| શકકરીયા | ૪૫૦ | ૫૫૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૭૦૦ | ૯૪૦ |
| ગાજર | ૪૧૦ | ૫૦૦ |
| દૂધી | ૧૧૦ | ૨૬૦ |
| કારેલા | ૭૨૦ | ૮૯૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૫૫૦ | ૧૦૦૦ |
| વટાણા | ૮૨૦ | ૯૨૦ |
| તુરીયા | ૮૪૦ | ૧૨૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૮૪૦ |
| તુવેર | ૬૫૦ | ૭૫૦ |
| હળદરલીલી | ૮૪૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૨૪૦ | ૪૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૮૦ |
| ટીંડોરા | ૪૮૦ | ૬૨૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૪૦ | ૧૪૪૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૩૨૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૮૦ |
| મરચા લાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૫૧૦ |
| લસણ લીલુ | ૨૦૦૦ | ૩૪૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૨૦ | ૮૫૦ |
| વાલ | ૭૦૦ | ૯૦૦ |
| પાલક | ૨૮૦ | ૪૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૫૧ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૮ |
| ઘઉં ટુકડા | ૬૧૦ | ૬૭૨ |
| સિંગ ફાડીયા | ૮૨૬ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૨૨૬ |
| તલ કાળા | ૨૭૦૦ | ૫૩૬૧ |
| તલ લાલ | ૨૫૫૧ | ૨૫૫૧ |
| જીરૂ | ૩૬૫૧ | ૪૬૭૫ |
| વરીયાળી | ૧૦૭૧ | ૧૫૦૧ |
| ધાણા | ૮૦૧ | ૧૬૮૧ |
| લસણ સુકું | ૧૮૦૧ | ૪૨૯૧ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૬૧ |
| મઠ | ૭૯૧ | ૮૪૧ |
| તુવેર | ૧૦૪૧ | ૧૭૯૧ |
| રાય | ૮૦૧ | ૧૨૩૧ |
| મેથી | ૯૪૧ | ૧૧૧૧ |
| કાંગ | ૧૧૪૧ | ૧૧૪૧ |
| મરચા | ૪૫૧ | ૨૯૫૧ |
| સફેદ ચણા | ૧૨૦૧ | ૨૫૫૧ |
| તલ - તલી | ૧૭૫૦ | ૨૫૯૧ |
| ધાણી | ૯૦૧ | ૧૮૫૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૪૩૬ |
| બાજરો | ૩૯૧ | ૫૧૧ |
| જુવાર | ૬૦૧ | ૮૩૧ |
| મકાઇ | ૪૮૧ | ૪૮૧ |
| મગ | ૧૦૦૦ | ૧૮૨૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૨૧ |
| વાલ | ૫૦૧ | ૧૧૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૨૩૧૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૪૧ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ગોગળી | ૫૫૧ | ૯૦૧ |
| વટાણા | ૫૮૧ | ૫૮૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૫ | ૧૫૦૨ |
| કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| મગફળીજી૨૦ | ૧૦૭૯ | ૧૧૨૧ |
| મગફળી બીટી | ૯૪૫ | ૧૦૬૫ |
| અડદ | ૧૧૨૫ | ૧૪૫૫ |
| ઘઉં | ૫૩૬ | ૬૦૪ |
| તલસફેદ | ૧૯૯૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૪૦૦૯ | ૪૫૧૧ |
| સોયાબીન | ૭૭૫ | ૭૯૫ |
| ચણા | ૧૧૨૦ | ૧૩૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૯ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૪૪ | ૬૪૪ |
| ગમગુવાર | ૬૫૦ | ૬૫૦ |
| સોયાબીન | ૫૧૬ | ૭૭૫ |
| મગફળી | ૬૯૨ | ૧૦૦૫ |
| ચણા | ૧૦૫૫ | ૧૨૧૪ |
| તલસફેદ | ૧૫૫૦ | ૨૨૫૫ |
| ધાણા | ૧૨૧૬ | ૧૫૫૦ |
| ચોળી | ૧૪૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૧૦૪૫ | ૧૦૬૦ |
| લસણ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| જુવાર | ૭૦૦ | ૭૫૧ |
| મકાઈ | ૫૦૧ | ૬૨૦ |
| રાયડો | ૯૫૦ | ૯૫૦ |
| તુવેર | ૧૧૧૦ | ૧૧૧૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૦૪ | ૧૪૫૧ |
| મગફળી | ૭૮૦ | ૧૨૦૦ |
| ઘઉં | ૫૯૦ | ૫૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ધાણા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| એરંડા | ૮૬૫ | ૧૧૯૧ |
| જીરૂ | ૨૮૦૦ | ૨૮૦૦ |
| સોયાબીન | ૬૦૫ | ૭૯૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૪૭૨ |
| મગફળી | ૯૫૧ | ૧૧૧૨ |
| ચણા | ૧૦૬૫ | ૧૦૬૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૬૫૨ | ૭૯૧ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૯૫ |
| બાજરો | ૪૫૫ | ૫૨૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૪૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૪૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૪૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૮૫૦ |
| ચણા | ૯૧૫ | ૧૨૦૪ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૦૫ | ૧૨૧૮ |
| લસણ | ૧૮૦૦ | ૩૯૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૯૦ |
| અજમો | ૧૯૫૦ | ૪૪૮૫ |
| ધાણા | ૧૩૭૫ | ૧૫૭૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૬૦૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૫૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૭૫ | ૧૩૦૭ |
| શીંગ ૩૨ | ૯૫૨ | ૧૦૭૧ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૧૩૯ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૭ | ૧૧૩૩ |
| એંરડા | ૧૧૮૮ | ૧૧૮૮ |
| જુવાર | ૪૦૬ | ૯૧૮ |
| મગદેશી | ૬૬૭ | ૨૩૦૦ |
| ઘઉં ટુકડા | ૫૬૪ | ૭૦૬ |
| મકાઈ | ૪૧૪ | ૪૧૪ |
| અડદ | ૧૦૦૧ | ૧૮૦૧ |
| બાજરી | ૪૫૨ | ૬૨૫ |
| સોયાબીન | ૭૭૧ | ૮૧૪ |
| ચણા | ૧૦૫૪ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૮૦ |
| તલ કાળા | ૪૧૦૧ | ૪૪૦૦ |
| ચોળી | ૯૭૦ | ૯૭૦ |
| મેથી | ૯૬૦ | ૯૬૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૬૦૮ |
| ડુંગળી સફેદ | ૨૩૯ | ૬૧૨ |
| કપાસ શંકર | ૭૭૫ | ૩૧૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૩૧ |
| ચણા | ૮૦૦ | ૧૧૭૬ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૪૬ |
| મગફળી | ૭૦૦ | ૧૦૮૬ |
| શીંગફાડા | ૯૦૧ | ૧૧૫૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૨૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૩૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૦૦ |
| તલ પીળા | ૨૮૦૦ | ૩૧૫૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૪૬૫ |
| બાજરા | ૫૦૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૭૦૦ |
| જુવાર | ૬૨૫ | ૮૪૧ |
| મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૧૮૮૧ | ૨૩૫૦ |
| મઠ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| અડદ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| તુવેર | ૧૫૧૪ | ૧૫૧૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૪ | ૧૦૭૦ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૫૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૬૫ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૪૦૦ |
| ઘઉ લોકવન | ૫૩૦ | ૬૪૮ |
| ઘઉં ટુકડા | ૫૪૫ | ૬૭૨ |
| બાજરો | ૫૨૦ | ૬૭૬ |
| જુવાર | ૪૭૦ | ૭૯૩ |
| મગ | --- | ૧૪૪૦ |
| અડદ | ૧૨૨૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૦૮૧ | ૧૨૦૭ |
| ચણા સફેદ | --- | ૧૬૦૦ |
| તુવેર | ૧૨૬૦ | ૧૬૦૨ |
| એંરડી | ૧૦૬૦ | ૧૨૦૩ |
| સોયાબીન | ૭૩૦ | ૮૧૮ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૨૩૪ | ૧૪૪૭ |
| કપાસ સી ગ્રેડ | ૫૦૫ | ૫૦૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# બે દિવસમાં નવા ચૂંટાયેલ તમામ વોર્ડ અને તાલુકા પ્રમુખોને ગાંધીનગર બોલાવાશે

**તા.૧૦ સુધીમાં જિલ્લા અને મહાનગરપાલિકાઓને પ્રમુખ મળશે**

રાજકોટ, તા.૦૧

ગુજરાતમાં ભાજપ સંગઠન રચનાની કામગીરીમાં હવે જિલ્લા અને શહેર પ્રમુખની નિયુક્તિ પૂર્વે મોવડી મંડળ દ્વારા આગામી ૨૪ થી ૪૮ કલાકમાં તે માટેના માપદંડ નિશ્ચિત થશે તે વચ્ચે શુક્રવાર કે શનિવારે નવા ચૂંટાયેલા તમામ વોર્ડ અને તાલુકા પ્રમુખોને ગાંધીનગર બોલાવાશે અને તેમને પ્રમુખની પ્રક્રિયાની માહિતી અપાશે. સુત્રોના જણાવ્યા મુજબ આજે જે નિરીક્ષકોની બેઠક મળનારી હતી તે હવે આવતીકાલે મળશે તેવા સંકેત છે અને તેની સાથે વોર્ડ અને તાલુકા પ્રમુખોની નિયુક્તિની પ્રક્રિયાને પણ લીલીઝંડી આપી દેવાશે જેને કારણે તા.૧૦ સુધીમાં તમામ ૩૩ જિલ્લાઓ અને આઠ મહાનગરપાલિકાઓને નવા પ્રમુખ મળી જશે. સુત્રોના જણાવ્યા મુજબ આ માટેની નિરિક્ષકોની તૈયારીઓ આગામી એક કે બે દિવસમાં જ પૂરી કરવામાં આવશે અને તેની સાથે જ સંગઠનની રચના બીજા તબકકામાં આગળ વધશે. ભાજપના પ્રદેશ સંગઠનમાં પ્રમુખની નિયુક્તિ તા.૧૫ આસપાસ થાય તેવા સંકેત છે અને તે બાદ રાષ્ટ્રીયસ્તરે સંગઠનની નવરચનાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વોર્ડ અને તાલુકા પ્રમુખોની નિયુક્તિમાં કુલ ૫૮૦ સ્થાનોમાંથી ૫૧૨માં નિયુક્તિ થઈ ગઈ છે અને બાકીની નિયુક્તિ હવે પ્રમુખની નિયુક્તિ બાદ થશે અને આ માટે જે-તે નવા નિમાયેલા પ્રમુખને ખાસ સત્તા આપવામાં આવશે.

# સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમાચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૦૧

સમગ્ર રાજ્યમાં ૨૦૨૫માં વિવિધ ઐતિહાસિક સીમાચિન્હરૂપ જન્મોત્સવની ઉજવણી કરાશે. સમગ્ર ગુજરાતમાં ૨૦૨૫ના વર્ષમાં ઐતિહાસિક જન્મોત્સવ કાર્યક્રમની વિવિધ ઉજવણી જનભાગીદારી સાથે ભવ્ય રીતે થવાની છે. આ ઉજવણીમાં ખાસ કરીને ભારતીય બંધારણના શાશ્વત પણા સાથે રાષ્ટ્ર નેતાઓના આદર્શો અને રાષ્ટ્ર નિર્માણમાં તેમના યોગદાનને જન માનસમાં સર્જનાત્મક રીતે ઉજાગર કરવાનાં કાર્યક્રમો યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ હેતુસર રચવામાં આવેલી સ્ટીયરીંગ કમિટીની મળેલી પ્રથમ બેઠકમાં આ કાર્યક્રમોની શાનદાર ઉજવણી માટેના આયોજનની વિશદ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૫માં



ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં "સંવિધાનના અમૃત મહોત્સવ"ની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના ૧૦૦મા જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી થશે.

# કોડીનાર તાલુકા પંચાયત ખાતે સામાન્ય કારોબારી સભામાં બજેટ મંજૂર કરવામાં આવ્યું




કોડીનાર, તા.૦૧

તારીખ ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ કોડીનાર તાલુકા પંચાયત ખાતે સામાન્ય કારોબારી સભા મળી હતી. જેમાં તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ પરમાર, કારોબારી સમિતિના અધ્યક્ષ સુનિલભાઈ રાઠોડ તેમજ કારોબારી સમિતિના સભ્યો દ્વારા વર્ષ ૨૦૨૫/૨૬ ના સામાન્ય બજેટને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

# જામનગરમાં મહિલાના મોઢે ડૂચો દઈ બંધક બનાવીને ૧૪ લાખની લૂંટ કરી

(એચ.એસ.એલ),જામનગર,તા.૦૧

શહેરના કાલાવડ નાકા બહાર આવેલી તારમામદ સોસાયટીમાં રહેતા એક વ્હોરા કારખાનેદારના બંગલામાં આયુર્વેદિક દવા આપવાના બહાને બે લૂંટારુઓ ઘૂસ્યા હતા. પ્રૌઢ મહિલાને મુંઢમાર મારી મોઢે ડૂચો દઈ બંધક બનાવી ઘરમાંથી એક લાખની રોકડ રકમ અને સોનાના દાગીના સહિત રૂપિયા ૧૪ લાખની લૂંટ ચલાવી પલાયન થઈ ગયા હતા. બંને લૂંટારુઓએ ઉપરના માળે રહેલા પ્રૌઢ મહિલાના પુત્રવધૂ તેમજ પૌત્રને છરીની અણીએ ધમકી આપી મારપીટ કરી હતી. આ સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યા બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કરી નાકાબંધી કરી બે લૂંટારુઓને વહેલી સવારે પોરબંદર પંથકમાંથી દબોચી લીધા હતા અને ગણતરીના કલાકોમાં જ



લૂંટની ઘટનાનો ભેદ ઉકેલ્યો હતો. સનસનીખેજ લૂંટના આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં તારમામદ સોસાયટી વિસ્તારમાં રહેતા અને બ્રાસપાર્ટનું કારખાનું ચલાવતા મુસ્તફાભાઈ નુરુદીનભાઈ અતરિયા ગઈકાલે પોતાના કામસર બહારગામ ગયા હતા ત્યારે તેમના પુત્ર અબ્બાસભાઈ મુસ્તફા કારખાને ગયા હતા. દરમિયાન બપોરે ૧૨ વાગ્યા આસપાસ તેઓના બંગલામાં બે અજાણ્યા શખ્સો આયુર્વેદિક દવા આપવાના બહાને ઘૂસ્યા હતા.

# ધોરાજીમાં ખોડલધામ સમિતિ દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૧

ધોરાજીના ખોડલધામ સમિતિ, મહિલા સમિતિ અને યુવા સમિતિ દ્વારા લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો. અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા રકતદાન કેમ્પમાં ૨૨૧ રકતદાતાઓએ પોતાનાં મહામૂલા રક્તનું દાન કર્યું હતું. રકતદાન બાદ ખોડલધામના પ્રણેતા નરેશભાઈ પટેલની રક્તતુલા કરાઈ હતી.

# સુરતમાં ભૂલકા સાગર વિદ્યાભવનના બાળકોએ સૈનિકોના પરિવાર માટે રૂ. ૧૮,૯૦૦નું દાન આપ્યું

**બાળકોએ પ્રેરણાદાયી કાર્ય કરતા તેમના પર અભિનંદનની વર્ષા**

સુરત, તા.૦૧

શહીદ જવાનોના પરિવારોને મદદરૂપ થવા માટે સુરત શહેરની ભૂલકા સાગર વિદ્યાભવનના બાળકો અને શિક્ષકગણ તરફથી



રૂ. ૧૮,૯૦૦ નું અનુદાન આપવામાં આવ્યું હતું. જય જવાન નાગરિક સમિતિ સુરતને ભૂલકા સાગર વિદ્યાભવનના આચાર્ય તેમજ શિક્ષક ગણની પ્રેરણાથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પોતાના ખિસ્સા ખર્ચ કે જે તેમના માતા પિતા દ્વારા આપવામાં આવે છે તેમાંથી વીર શહીદોના પરિવારોને આર્થિક મદદ અર્થે રૂપિયા ૧૮,૯૦૦ એકત્રિત કરી જય જવાન નાગરિક સમિતિ સુરતના ટ્રસ્ટી ભીખુભાઈ ટીંબડીયાને રૂબરૂ બોલાવી વિદ્યાર્થીઓની હાજરીમાં અર્પણ કર્યા હતા.

# દમણથી ચોરવાડના દરિયાઈ માર્ગે હોડીમાંથી દારૂનો જંગી જથ્થો પકડાયો

ઉના,તા.૦૧

૩૧ ડિસેમ્બરની ઉજવણી અગાઉ દરિયાઈ માર્ગે દમણથી આવતો અને ચોરવાડ તરફ જતો દારૂનો જંગી જથ્થો હોડીમાંથી પકડાયો હતો. પોલીસને મળેલ સંયુકત બાતમી આધારે સોમનાથ મરીન પો.સ્ટે. દરિયાઈ વિસ્તારમાં હોડીમાં રેઈડ કરીને પકડાયેલા અને ફરાર ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની



તસવીર : કૈલેશ ભટ્ટ

કાર્યવાહી કરી હતી. જેમાં કુલ રૂ. ૧૨,૨૯,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરેલ હતો. પકડાયેલા બે ઈસમો મૂળદ્વારકાના રહેવાસી છે, જ્યારે કોડીનાર પંથકના ચાર અને દમણના અજાણ્યા છ શખ્સો ફરાર છે. પકડાયેલાઓમાં આરીફ ગફુરભાઈ ભેંસલીયા મચ્છીયારા અને ઈદરીશ અલ્લારખાં મુલ્તાનીનો સમાવેશ થાય છે. જ્યારે ગફુર ઉર્ફે બેરલો જુશબ ભેંસલીયા રહે.મૂળદ્વારકા, ક્રિશ ઉર્ફે કારીયો બાલુભાઈ કામળીયા રહે. કોડીનાર, નિતેશ દાનાભાઈ ભાલીયા રહે.કોડીનાર, મોસીન ઉર્ફે તાવડે મન્સુરી રહે.કોડીનારને પકડવાના બાકી છે.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં સિઝનની સૌ પ્રથમ ધાણાની હરાજીમાં મુહૂર્તનો ભાવ રૂ. ૩૫૦૦૧ બોલાયો

ગોંડલ, તા.૦૧

ગોંડલ યાર્ડમાં સિઝનની સૌ પ્રથમ ધાણાની આવક જોવા મળી હતી. યાર્ડમાં ૩૦ કિલો નવા ધાણાની આવકના શ્રીગણેશ કરવામાં આવ્યા હતા. હરાજીમાં મુહૂર્તના નવા ધાણાના ૨૦ કિલોનો ભાવ રૂ.૩૫૦૦૧ બોલાયો હતો. સાંણથલી ગામના ખેડૂત મધુભાઈ રાદડિયા ૩૦ કિલો નવા ધાણા લઈ ગોંડલ માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચ્યા



હતા. વહેલી સવારે હરાજી પહેલા નવા ધાણાની પૂજન વિધિ કરી શ્રીફળ વધેરી હરાજી શરૂ કરવામાં આવી હતી. યાર્ડમાં ગોલ્ડન એગ્રી નામની પેઢી ધરાવતા સોહિલભાઈ કોટડીયા નામના વેપારી દ્વારા નવા ધાણાની ઊંચી બોલી લગાવી રૂ. ૩૫૦૦૧ એ ખરીદી કરી હતી.

# ઉનાના ચીખલીના ઇસમે સોશિયલ મીડિયામાં હથિયાર સાથે ફોટા મુકતા ધરપકડ કરાઈ

ઉના, તા.૦૧

ઉનાના ચીખલી ગામના યુવકે તલવાર સાથે ફોટા પાડીને સોશિયલ મીડિયામાં અપલોડ કરતા જિલ્લા SOG ટીમે તેની ધરપકડ કરી હતી.

ઘણા યુવાનો હથિયાર સાથે ફોટા પાડી ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયામાં અપલોડ કરીને તેને વાઈરલ કરતા હોય છે.

નવાબંદર પોલીસ સ્ટેશન વિસ્તારના ચીખલી ગામમાં



રહેતા જયદીપ ભીમાભાઈ સોલંકીએ તલવાર સાથે આવા જ ફોટા પોતાના ફેસબુક આઈડી પરથી અપલોડ કરેલ હતા.

# ઘાંટવડ ગેંગના ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

કોડીનાર, તા.૦૧

ઘાંટવડ ગેંગના આરોપીઓ દ્વારા ભાવનગર તથા બોટાદ જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાં આચરેલ -૪ ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને કોડીનાર સર્વેલન્સ સ્કવોડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે હિતેષભાઈ દિલીપભાઈ ચૌહાણ રહે. ઘાંટવડ ખોડીયાર માતાજીના મંદિર સામે, તા.કોડીનાર વાળો પોતાના રહેણાક મકાને હાજર છે અને મજકુર ઈસમને ભાવનગર



જિલ્લાના ઉમરાળા પોલીસ સ્ટેશન તથા પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશન તથા તળાજા પોલીસ સ્ટેશન તથા બોટાદ જિલ્લાના ગઢડા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં પકડવાનો બાકી છે. બાતમી આધારે તેને કોડીનાર સર્વેલન્સ સ્કવોડ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો.


## નામ બદલાવેલ છે

આથી હું જયેશભાઈ લખુભાઈ ધાખડા જાહેર કરૂ છુ કે મે મારૂ નામ જયેશકુમાર લખુભાઈ ધાખડા માંથી બદલાવીને જયેશભાઈ લખુભાઈ ધાખડા (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું જયેશભાઈ લખુભાઈ ધાખડા (નવુ) તરીકે ઓળખાઈશ.

સહી : જયેશભાઈ લખુભાઈ ધાખડા
એડ્રેસ : ગોકુલનગર, શ્રીજી સોસાયટી પાછળ, રાજુલા
જી.અમરેલી, ગુજરાત - ૩૬૫૫૬૦



## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

અમોના અસીલ અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-સનાળીયા ગામે ખેડુત ખાતા નં-૪૩૧ ની ખેતીના માલીક શ્રી પરબતભાઈ અરજણભાઈ ના સ્વતંત્ર નામે મોજે-સનાળીયા, સ.નં.૧૭ પૈકી ૨/પૈકી ૪, ક્ષેત્રફળ હે.આરે. ચોમી.૧-૮૧-૧૦, આકાર-૫.૮૦ વાળી ખેતીની જમીન...

ઉપરોકત જણાવ્યા મુજબની ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે નીચેના સરનામે રજુ કરશો.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામા, પંચાયત વિભાગમા, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) મા અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામા આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મારા અસીલની સુચના અને ફરમાઈશથી....**

એસ.પી.ભડકોલીયા
( એડવોકેટ & નોટરી)
ઠે.પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, જિ.અમરેલી
મો.નં. ૯૮૯૮૩ ૧૩૮૯૪

સ્થળ :- લીલીયા
તારીખ :-૧/૧/૨૦૨૫



## મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૮૧/૨૦૨૪** **તા.૨૪/૧૨/૨૦૨૪**

**વિવાદી :-** શ્રી વિઠ્ઠલભાઈ હીરાભાઈ સરધારા
રહે.ભુરખીયા, તા.લાઠી જી.અમરેલી મો.૯૪૨૭૭૪૩૧૫૦
C/O ઈતેશકુમાર કે. મહેતા. ઠે.નગરપાલીકા સામે, લાઠી
મો.૯૪૨૭૨૦૬૩૨૦

**વિરૂધ્ધ**

**પ્રતિવિવાદી:-** જન્મ-મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી
મુ.ભુરખીયા, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.ભુરખીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી વિઠ્ઠલભાઈ હીરાભાઈ સરધારાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૮ ના રોજ ભુરખીયા, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**


# અમદાવાદ ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડ : ૧૫ દર્દીઓએ હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા

અમદાવાદ,તા.૦૧

અમદાવાદની કુખ્યાત ખ્યાતિ હોસ્પિટલના દર્દીને શારીરિક અને આર્થિક રીતે ચીરી નાખવાના કૌભાડ સામે ૧૫ દર્દીઓ ગુજરાત હાઈકોર્ટમાં પહોચ્યા છે. આ દર્દીઓએ ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરીને એવી દાદ માગી છે કે, ખ્યાતિ હોસ્પિટલ સામે અમને વ્યક્તિગત ફરિયાદ કરવા દેવામાં આવે. અત્યારે જે ફરિયાદ થઈ છે તે માત્ર એક જ ફરિયાદ થઈ છે.


## તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૨૪૭/૨૦૨૪

અરજદાર: શ્રી ભોપાભાઈ મેરખિભાઈ કળોતરા
સરનામુ: મું.વાંઢ તા.જાફરાબાદ જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી કમ મંત્રીશ્રી - વાંઢ
મું.વાંઢ, તા.જાફરાબાદ જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના વાંઢ** ગામના **શ્રી ભોપાભાઇ મેરખિભાઇ કળોતરા** એ તેમના **પુત્ર નામે શ્રી હિતેષ ભોપાભાઇ કળોતરા નો જન્મ** તા.૧૦/૦૩/૨૦૦૪ નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી એસ.એન.ખટાણા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં **જન્મ** નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.


આજ તારીખ ૨૪ માહે ડીસેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

**સ્થળ :- જાફરાબાદ**
**તારીખ:- ૨૪/૧૨/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**જાફરાબાદ**

# ઉત્તર ભારતમાં ઠંડીની અસર યથાવત, ધુમ્મસને કારણે ટ્રેનસેવા પ્રભાવિત



શ્રીનગર,તા.૦૧

જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં ઠંડીની અસર યથાવત છે. નવા વર્ષના પ્રથમ દિવસે મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિત દેશના ૧૬ રાજ્યોમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. ઉત્તર પ્રદેશના ૪૦ જિલ્લામાં ગાઢ ધુમ્મસના કારણે ૧૦૦ મીટરથી વધુ દૂર સુધી જોવામાં મુશ્કેલી પડી રહી હતી. મધ્યપ્રદેશના ભોપાલ-ઉજ્જૈન સહિત અનેક જિલ્લાઓમાં ૧૦૦ મીટરની વિઝિબિલિટી પણ નોંધાઈ હતી. જેમાં ૧૯ ટ્રેનો ૩૦ મિનિટથી ૬ કલાક મોડી પડી હતી. ૧૧ ટ્રેનો રદ કરવી પડી હતી. અહીંના ૧૩ જિલ્લાઓ માટે કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. રાજસ્થાનના ૩ શહેરોમાં તાપમાન ૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. માઉન્ટ આબુમાં પારો ૨.૨ ડિગ્રી નોંધાયો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી દિવસોમાં તાપમાનનો પારો વધુ ગગડી શકે છે. જમ્મુ-કાશ્મીરમાં પ્રવાસન માટે પ્રખ્યાત ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૧.૫ ડિગ્રી નોંધાયું હતું. હિમાચલ પ્રદેશમાં પણ ૬ દિવસ સુધી હિમવર્ષાનું એલર્ટ છે.

# ચૂંટણી કાર્ડ હોવાથી મતાધિકારનો અધિકારી મળી જતો નથી : ચૂંટણી પંચ

નવી દિલ્હી, તા.૧

દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓની તારીખ હવે ગમે ત્યારે જાહેર થઈ શકે છે. તે વચ્ચે ચૂંટણી પંચે પ્રથમ વખત જાહેર કર્યું છે કે, મતદાર યાદીમાં નામ એ જે-તે વ્યકિત મતદાર છે તે આખરી પુરાવો ગણવામાં આવશે. કોઈ પાસે વોટર આઈડી હોય તેનો અર્થ એમ નથી કે તેને મતદાનનો અધિકાર મળી જાય છે. દિલ્હીમાં હાલમાં જ આમ આદમી પાર્ટીએ એવો આક્ષેપ કર્યો હતો કે, ભાજપ અનેક વિસ્તારોમાં મતદાર યાદીમાં ચોક્કસ નામોની બાદબાકી કરી રહી છે અને અનેક નામો ઉમેરી રહી છે તે મુદ્દે રાજકીય વિવાદ સર્જાયા બાદ ચૂંટણી પંચે આજે જાહેર કર્યું છે કે તા.૬ જાન્યુઆરી-૨૦૨૫ના રોજ દિલ્હીની ફાઈનલ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમાં જે નામ હશે તે મત આપવા માટે પાત્ર ગણાશે. કોઈ પાસે વોટર આઈડી કાર્ડ હોય તેથી તેને આપોઆપ મતદાનનો અધિકાર મળી જતો નથી. ચૂંટણી પંચે જાહેર કર્યું કે, ચૂંટણી અધિકારીઓએ ઘરે-ઘરે જઈને મતદાર યાદીને આખરી સ્વરૂપ આપ્યું છે અને તા.૧ ઓક્ટોબર-૨૦૨૪ના જેઓ ૧૮ વર્ષના થયા છે તેઓને મતાધિકાર મળ્યો છે.



# દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,તા.૧

નવું વર્ષ ૨૦૨૫ શરૂ થતાં જ આખો દેશ ઉજવણીમાં ડૂબી ગયો હતો. દેશના ખૂણે ખૂણે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. મોડી રાતથી જ એકબીજાને શુભકામનાઓ આપવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી. આ સાથે જ દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું હતું. તેણે લખ્યું- 'દરેકને નવા વર્ષની શુભકામનાઓ! વર્ષ ૨૦૨૫ બધા માટે સુખ, સંવાદિતા અને સમૃદ્ધિ લઈને આવે! આ અવસર પર, ચાલો આપણે ભારત અને વિશ્વ માટે ઉજ્જ્વળ, વધુ સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે સાથે મળીને કામ કરવાની અમારી પ્રતિબદ્ધતાને નવીકરણ કરીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશવાસીઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

# જલગાવમાં બે જૂથો વચ્ચે બબાલ બાદ પથ્થરમારો અને આગચંપી

જલગાવ,તા.૦૧



મહારાષ્ટ્રમાં નવા વર્ષની ઉજવણી વચ્ચે ભારે બબાલ થઈ હતી. અહીંના જલગાવમાં હોર્ન વગાડવા મુદ્દે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. બંને જૂથોએ સામસામે પથ્થરમારો કરી અનેક વાહનોને આગ ચાંપી દીધી. અહીં ૧૨થી ૧૫ દુકાનો સળગાવી દેવાઈ છે. મળતા અહેવાલો મુજબ શિવસેનાના મંત્રી ગુલાબરાવ પાટિલનો પરિવાર ૩૧ ડિસેમ્બરની રાત્રે એક કારમાં જલગાવના પલાઢી ગામ જઈ રહ્યો હતો. આ દરમિયાન કારના ડ્રાઈવરે હોર્ન વગાડતાં કેટલાક યુવકો ગુસ્સે થયા અને ડ્રાઈવરને અપશબ્દો બોલી માથાકૂટ કરી હતી. ત્યારબાદ કારમાં મંત્રીના પત્ની હોવાના કારણે કેટલાક શિવસેનાના લોકોએ અપશબ્દો બોલી રહેલા યુવાનો પર ગાડી ચડાવી દીધી હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઘટના બાદ પલાઢી ગામના કેટલાક યુવાનોએ અને શિવસેનાના કેટલાક કાર્યકર્તાઓએ રેલી કાઢી હતી. ત્યારબાદ ગુસ્સે ભરાયેલી ભીડે પથ્થરમારો અને આગચંપી કરવાનું શરુ કરી દીધું હતું.

# તાઈવાન અને ચીન એક જ છે, કોઈ રોકી નહી શકે : શી જિનપીંગની ધમકી


બેઈજિંગ,તા.૦૧

વિશ્વભરમાં નવા વર્ષની ઉજવણીમાં તમામ લોકો એ પ્રાર્થના કરી રહ્યાં છે કે ચારેબાજુ શાંતિ રહે તેનાથી અલગ ચીન વર્ષ ૨૦૨૪ની જેમ ૨૦૨૫ માં પણ ધમકી આપવાથી રોકાઈ રહ્યું નથી. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે નવા વર્ષે આપેલા પોતાના મેસેજમાં તાઈવાનને લઈને મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું 'તાઈવાન જળસંધિઓના બંને કિનારા પર રહેતાં અમે ચીની એક જ પરિવારના છીએ. કોઈ પણ અમારી વચ્ચેના સંબંધના બંધનને ક્યારેય પણ ખતમ કરી શકશે નહીં.' ચીન તાઈવાનને પોતાની મુખ્ય જમીનનું અભિન્ન અંગ માને છે અને 'એક ચીન' નીતિને આગળ વધારતાં તેને પોતાની રાજદ્વારી પ્રાથમિકતાઓમાં સામેલ કરે છે. શી જિનપિંગે પોતાના ત્રીજા કાર્યકાળ દરમિયાન તાઈવાનને ચીનની સાથે બીજી વખત સામેલ કરવાને પ્રાથમિકતા આપી છે. તેને તે પોતાની મુખ્ય સૈન્ય અને રાજદ્વારી રણનીતિનો ભાગ માને છે.

# દેશને નવા વર્ષમાં વધુ એક એરલાઈન્સની મળી ભેટ

ન્યુ દિલ્હી,તા.૦૧

દેશમાં આજથી નવા વર્ષ ૨૦૨૫ની શરૂઆત થવાની સાથે ગુડ ન્યૂઝ પણ મળવાના શરૂ થઈ ગયા છે. આ વર્ષે સસ્તી મુસાફરી કરવાની પણ તક મળવાની છે. વાસ્તવમાં દેશમાં નવી લો-કૉસ્ટ એરલાઈન્સની એન્ટ્રી થઈ છે અને તેનું નામ છે 'એર કેરલ'. એરલાઈન્સની જાહેરાત મુજબ તે ટૂંક સમયમાં ફ્લાઈટો શરૂ કરશે અને સૌથી મહત્ત્વની વાત એ છે કે, એર કેરલ લોકોને સસ્તામાં મુસાફરી કરાવશે. કંપનીએ સત્તાવાર જાહેરાત કરી છે કે, તે આ વર્ષના બીજા ક્વાર્ટરમાં ઓપરેશન કામગીરી શરૂ કરી દેશે. આ ઉપરાંત એરલાઈન્સે એવું પણ કહ્યું છે કે, તે લોકોને સસ્તા દરે મુસાફરી પુરી પાડશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, કંપનીએ ઓપરેશન કામગીરી શરૂ કરવા માટે મોટાપાયે ભરતી શરૂ કરી દીધી છે. એરલાઈન્સના ચેરમેન અફી અહમદે કહ્યું કે, અમે ભારતમાં ટેકનિકલ અને ઓપરેશન ટીમોની ભરતી કરી રહ્યા છીએ, જ્યારે સેલ્સ અને માર્કેટિંગ સહિત કોમર્શિયલ સ્ટાફની ભરતી પ્રક્રિયા યુએઈમાં શરૂ કરવામાં આવશે.




# યમનની જેલમાં બંધ ભારતીય નર્સને ફાંસીની સજાને મંજૂરી

સના,તા.૦૧

ભારતીય વિદેશ મંત્રાલયે યમનમાં જેલમાં બંધ ભારતીય નર્સ નિમિષા પ્રિયાને આપવામાં આવેલી ફાંસીની સજાની પુષ્ટિ કરી છે. યમનના રાષ્ટ્રપતિએ ફાંસીની સજાને મંજૂરી આપી દીધી છે, જોકે વિદેશ મંત્રાલયે આશ્વાસન આપ્યું છે કે સરકાર આ મામલે તમામ શક્ય મદદ પૂરી પાડી રહી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ માહિતી આપી છે. કેરળની રહેવાસી નિમિષા પર યમનના નાગરિક તલાલ અબ્દો મહદીની હત્યાનો આરોપ છે. નિમિષાએ ૨૦૧૭માં મહદીને ડ્રગનો ઓવરડોઝ આપીને મારી નાખ્યો હતો. નિમિષા અને મહદી યમનમાં એક પ્રાઈવેટ ક્લિનિકમાં પાર્ટનર હતાં. આરોપ છે કે મહદીએ નિમિષાનો પાસપોર્ટ કબજે કરી લીધો હતો અને તેને ટોર્ચર કરતો હતો. નિમિષાને એક મહિનામાં સજા થશે.

# કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં રૂા. ૧૪.૫૦નો ઘટાડો

ન્યુ દિલ્હી,તા.૦૧

નવા વર્ષ નિમિત્તે દેશવાસીઓને મોટી રાહત મળી છે. એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, આ રાહત માત્ર કોમર્શિયલ સિલિન્ડરો એટલે કે ૧૯ કેજી એલપીજી સિલિન્ડર માટે છે. જ્યારે ઘરેલુ ગેસ સિલિન્ડર એટલે કે ૧૪ કિલોના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ સિલિન્ડરની વાત કરીએ તો રાજધાની દિલ્હીમાં કિંમતોમાં ઘટાડા બાદ હવે તે ૧૮૦૪ રૂપિયામાં ઉપલબ્ધ થશે, જ્યારે પહેલા તે ૧૮૧૮.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતો. આ સિવાય એરલાઈન્સને પણ નવા વર્ષ પર ઈંધણના ભાવને લઈને મોટી ભેટ આપવામાં આવી છે. ઓએમસીએ ૧ જાન્યુઆરીથી ઉડ્ડયન ઈંધણના ભાવમાં ઘટાડો કર્યો છે. નિયમિત માસિક અપડેટના ભાગરૂપે ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઉડ્ડયન ઈંધણના ભાવમાં સુધારો કરવામાં આવશે. જ્યારે ઘરેલું ગેસ સિલિન્ડરની વાત કરીએ તો તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. વર્ષ ૨૦૨૫ના પહેલા દિવસે પણ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રાજધાની દિલ્હીમાં ૧૪ કિલો એટલે કે ઘરેલુ સિલિન્ડર ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના દરે જ ઉપલબ્ધ થશે.



# નવા વર્ષની ઉજવણીમાં દેશના ધાર્મિક સ્થાનો ઝગમગી ઉઠયા

વારાણસી,તા.૦૧



આખરે વર્ષ ૨૦૨૫ આવી ગયું છે. દેશભરમાં નવા વર્ષની ઉજવણી કરવામાં આવી હતી. અગાઉ, ૨૦૨૪ની છેલ્લી આરતી વારાણસીના દશાશ્વમેધ ઘાટ અને અયોધ્યાના સરયુ ઘાટ પર કરવામાં આવી હતી. ઓડિશાના પુરીમાં આવેલા શ્રી જગન્નાથ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તો પહોંચ્યા હતા. નવા વર્ષની ઉજવણી માટે જમ્મુ-કાશ્મીરના શ્રીનગરના લાલ ચોકમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. દિલ્હીના ઈન્ડિયા ગેટથી લઈને મુંબઈના ગેટવે ઓફ ઈન્ડિયા સુધી લોકોએ ઉજવણી કરી હતી. દિલ્હીમાં ઠંડી છતાં લોકો ઘરની બહાર નીકળી ગયા હતા.

# બિહારના સાસારામમાં બાઈક પુલ પરથી નીચે ખાબકતા ત્રણના મોત

સાસારામ,તા.૦૧



બિહારના રોહતાસ જિલ્લામાં આવેલા સાસારામ પાસે વહેલી સવારે એક ભયાનક રોડ અકસ્માત સર્જાયો હતો. જ્યાં સૂર્યપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાઈક અચાનક બેકાબુ થઈને લખુઈ લાખા કેનાલમાં પડ્યું હતું. જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનોના કરૂણ મોત નિપજ્યા હતા. મળતી માહિતી પ્રમાણે આ ત્રણેય મૃતક યુવકો બહેનના ઘરે જન્મદિવસની પાર્ટી મનાવીને પરત ફરી રહ્યા હતા, ત્યારે આ અકસ્માત થયો હતો. સવારે કેટલાક સ્થાનિક યુવકો મોર્નિંગ વોકમાં નીકળ્યા ત્યારે આ ઘટનાની માહિતી મળી હતી. માહિતી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ત્રણેય યુવકો ગુંસેજ ગામના રહેવાસી છે અને એક જ પરિવારના છે. મૃતકોમાં મુન્દ્રિકા સિંહના ૨૫ વર્ષના પુત્ર પ્રિયાંશુ કુમાર, સંજય સિંહના ૨૫ વર્ષના પુત્ર અંકિત કુમાર અને રામેશ્વર સિંહના ૨૩ વર્ષના પુત્ર શશિરંજન ઉર્ફે મનુ કુમારનો સમાવેશ થાય છે.

# રીલ્સ બનાવવાના ચક્કરમાં યુવકે ટ્રેનની સીટ ફાડી નાખી


નવી દિલ્હી, તા.૦૧



સોશિયલ મીડિયા પર ફેમ કમાવવા અને વાયરલ થવાના ચક્કરમાં ઘણા યુઝર કોઈ પણ હદ સુધી જવા તૈયાર રહે છે. તાજેતરનો મામલો ભારતીય ટ્રેન સાથે જોડાયેલો છે. જ્યાં એક વ્યક્તિ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડતો નજર આવી રહ્યો છે. જોકે, હજુ સુધી સ્પષ્ટ નથી કે તે વ્યક્તિ કોણ છે. સાથે જ રેલવેની તરફથી આ મામલે કોઈ પ્રતિક્રિયા આવી નથી. એક્સ પર પોસ્ટ એક વીડિયોમાં નજર આવી રહ્યું છે કે એક યુવક ટ્રેનની સીટને ફાડી રહ્યો છે. ઘટના ટ્રેનના જનરલ કોચની લાગી રહી છે. હજુ એ સ્પષ્ટ નથી કે ઘટના કઈ ટ્રેનની છે અને સ્થળને લઈને પણ જાણકારી સ્પષ્ટ થઈ શકી નથી.

# સ્વિટ્ઝર્લેન્ડમાં મહિલાઓને જાહેરમાં બુરખો પહેરવા પર પ્રતિબંધ મુકાયો

**કાયદાનો ભંગ કરનાર સામે ૧૦૦૦ સ્વિસ ફ્રેંકનો દંડ ફટકારાશે**



મુંબઈ,તા.૦૧

સ્વિટ્ઝર્લેન્ડમાં મહિલાઓએ જાહેર સ્થળોએ હિજાબ, બુરખો અથવા અન્ય કોઈપણ માધ્યમથી તેમના ચહેરાને સંપૂર્ણપણે ઢાંકવા પર પ્રતિબંધ લાગુ કરી દીધો છે. ન્યૂઝ એજન્સી રોયટર્સ અનુસાર, આ કાયદાનું ઉલ્લંઘન કરવા પર ૧૦૦૦ સ્વિસ ફ્રેંક એટલે કે અંદાજે ૯૬ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. ૨૦૨૧માં સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાયેલા જનમત સંગ્રહમાં ૫૧.૨૧% નાગરિકોએ બુરખા પર પ્રતિબંધ મૂકવાની તરફેણમાં મતદાન કર્યું હતું. આ પછી, બુરખા પર પ્રતિબંધ મામલે કાયદો બનાવવામાં આવ્યો, જે આજથી એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ (નવું વર્ષ) થી લાગુ થયો છે. સ્વિટ્ઝર્લેન્ડ પહેલા બેલ્જિયમ, ફ્રાન્સ, ડેનમાર્ક, ઓસ્ટ્રિયા, નેધરલેન્ડ અને બલ્ગેરિયામાં પણ આ અંગેના કાયદાઓ બન્યા છે. આ કાયદા બાદ મહિલાઓ સાર્વજનિક ઓફિસો, પબ્લિક ટ્રાન્સપોર્ટ, રેસ્ટોરાં, દુકાનો અને અન્ય જગ્યાઓ પર પોતાનો ચહેરો સંપૂર્ણપણે ઢાંકી શકશે નહીં.

# હમાસ, હિઝબુલ્લાહ જેવા જ હુથીઓના હાલ થશે : ઈઝરાયેલે આપી ધમકી

તેલ અવિવ, તા.૦૧

યુએન સ્થિત ઈઝરાયલના રાજદૂત ડેની ડેનને યમનના હુથી આતંકીઓને ખુલ્લી ચેતવણી આપતાં કહ્યું હતું કે, જો ફરીથી ઈઝરાયલ પર હુમલો કરાશે તો તમારા હાલ પણ હમાસ, હિઝબુલ્લાહ અને અસદ્ જેવા થશે. ઈરાન સમર્થિત હુથીઓ હમાસના ટેકેદારો છે. યુએન સલામતી સમિતિમાં હાલ ચૂંટાયેલા સભ્ય તરીકે હાજર રહેલા ઈઝરાયલી રાજદૂતે હુથીને આપેલી કડક ચેતવણીમાં કહ્યું હતું કે, તે ભૂલશે નહીં કે માત્ર મધ્ય પૂર્વમાં જ નહીં પરંતુ પશ્ચિમ એશિયામાં કે મધ્ય એશિયામાં અમે ધાર્યા નિશાન ઉપર ધાર્યો હુમલો કરી શકીએ તેમ છીએ. ઈઝરાયલ ઈરાનની કોઈ પણ પ્રકારની હરકત ચલાવી નહીં લે. આથી હુથીની તે હાલત થઈ જશે, જેવી હાલત ગાઝાપટ્ટીમાં અને વેસ્ટબેન્કમાં હમાસ અને તેના સાથી દળોની થઈ. લેબેનોનમાં હિઝબુલ્લાહની થઈ અને સિરીયામાં બશર અલ અસદની થઈ. આ ઉપરાંત ઈઝરાયલી સેનાએ દાવો કર્યો હતો કે તેમણે યમનથી તેલ અવીવ ઉપર છોડવામાં આવેલાં બે મિસાઈલ્સને તોડી પાડયાં હતાં. જોકે તેથી સંપૂર્ણ દેશમાં હાઈ એલર્ટ જાહેર કરાયો છે. હુથીઓએ આ બે મિસાઈલ્સ પૈકી એક બેનગુરીયન એરપોર્ટ પર નોંધવામાં આવ્યું હતું જ્યારે બીજું પાવર સ્ટેશનને ટારગેટ કરી છોડવામાં આવ્યું હતું તે મિસાઈલ્સ 'ઝૂલ્ફીકાર' પ્રકારનાં હાઈપરસોનિક મિસાઈલ્સ હતાં.



# બનાસકાંઠા જિલ્લાનું વિભાજન : વાવ-થરાદ નવો જિલ્લો જાહેર

**નવા જિલ્લામાં ૮ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવશે**

થરાદ,તા.૦૧

હવેથી ગુજરાતમાં ૩૩ નહી પણ ૩૪ જિલ્લાઓ હશે. ગુજરાત રાજ્યને વધુ એક નવો જિલ્લો મળવા જઈ રહ્યો છે. કેબિનેટની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને વાવ-થરાદને નવો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. આ જિલ્લાનું મુખ્ય મથક થરાદ રહેશે. હાલના બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાંથી ૮ તાલુકાઓ - ૪ નગરપાલિકાઓનો નવા બનનારા વાવ-થરાદ જિલ્લામાં સમાવેશ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં ઉત્તર ગુજરાતને ૨૦૨૫ના વર્ષના પ્રથમ દિવસે નવા જિલ્લાની ભેટ રૂપે બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરીને બે જિલ્લા બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે



બનાસકાંઠા જિલ્લાના વિવિધ પદાધિકારીઓ અને પ્રજાજનોની વર્ષો જુની માંગણી સકારાત્મક પ્રતિસાદ સાથે સંતોષતા હાલના બનાસકાંઠા જિલ્લામાંથી નવો વાવ-થરાદ જિલ્લો બનાવવાની જાહેરાત કરી છે. હાલનો બનાસકાંઠા જિલ્લો રાજયમાં તાલુકાઓની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી વધુ ૧૪ તાલુકાઓ ધરાવે છે એટલું જ નહી વિસ્તારની દ્રષ્ટિએ પણ બીજા ક્રમનો જિલ્લો છે. મુખ્યમંત્રીએ વસ્તી, વિસ્તાર અને તાલુકાઓનું ભારણ ઘટે અને લોકોને સરકારી સવલતો વધુ સુગમતાથી મળી રહે તે માટે વિશાળ જનહિતમાં આ બનાસકાંઠા જિલ્લાનું વિભાજન કરતા બે જિલ્લાઓ વાવ-થરાદ અને બનાસકાંઠા નામે બનશે. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે બનાસકાંઠા જિલ્લાના વિભાજન બાદ નવા રચાનારા વાવ-થરાદ જિલ્લા અંગેની વિગતો આપતા કહ્યું કે, હાલ આ જિલ્લાના ૧૪ તાલુકાઓમાંથી નવા બનનાર વાવ-થરાદ જિલ્લામાં વાવ, ભાભર, થરાદ, ધાનેરા, સૂઈગામ, લાખણી, દિયોદર અને કાંકરેજ એમ કુલ ૮ તાલુકાઓ તેમજ ભાભર, થરાદ, થરા અને ધાનેરા એમ ચાર નગરપાલિકાઓનો સમાવેશ થશે.

# રાજ્યમાં IAS ઓફિસરોને નવા વર્ષની ભેટ : ૨૬ અધિકારીઓને અપાયા સિનિયર સ્કેલ પ્રમોશન

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧

રાજ્ય સરકાર દ્વારા નવા વર્ષે અધિકારીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. જેમાં રાજ્યના ૧૨ આઈપીએસ અધિકારીઓની બઢતી કરવામાં આવી છે. જે બાદ આઈએએસ અધિકારીઓના ગ્રેડ પેમાં વધારો કરવામાં આવ્યો હતો.




સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્રમાં વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૨૧ બેચના અધિકારીઓના ગ્રેડમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં વર્ષ ૨૦૧૨ ની બેચના ૧૭ આઈએએસ અધિકારીઓના ગ્રેડ પેમાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં આ અધિકારીઓને લેવલ ૧૩ માં પે માં રૂપિયા ૧,૨૩,૧૦૦ થી ૨,૧૫, ૯૦૦ સુધીનો વધારો કરવામાં આવ્યો હતો.

# વીર નર્મદ યુનિ.માં દારૂની મહફિલ માણતા વિદ્યાર્થીઓ પર રેઈડ

**ત્રણ વિદ્યાર્થીઓ ફરાર જેમાં એક વિદ્યાર્થીને સસ્પેન્ડ છે**

સુરત,તા.૦૧



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી છે. યુનિવર્સિટી કેમ્પસની અંદર આવેલા હોસ્ટેલના રૂમમાં થર્ટી ફર્સ્ટની દારૂની મહેફિલ માણતા વિદ્યાર્થીઓ અંગે યુનિવર્સિટી દ્વારા વેસુ પોલીસને જાણ કરવામાં આવી હતી, જેમાં એક વિદ્યાર્થીની હાલ ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ત્રણ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાંથી ભાગી ગયા હતા. એમાંથી એક વિદ્યાર્થી સસ્પેન્ડ છે અને હોસ્ટેલના પહેલા માળે આવેલ રૂમની બાલ્કનીમાંથી કૂદીને નાસી ગયો હતો. દરમિયાન, કેટલાક વિદ્યાર્થીઓમાં નાસભાગની સ્થિતિ સર્જાઈ હતી.

# સુરતના હજીરામાં AMNS કંપનીમાં બ્લાસ્ટ, ચાર કર્મચારીઓ ભડથું

સુરત,તા.૦૧


સુરતમાં વર્ષના છેલ્લા દિવસે એટલે કે ૩૧ ડિસેમ્બરના રોજ હજીરાની એએમએનએસ કંપનીમાં બ્લાસ્ટ બાદ આગના પગલે ચાર કોન્ટ્રાક્ટ કર્મચારીઓ ભડથું થઈ ગયા હતા. આ ઘટનાના કલાકો બાદ પણ પરિવારને જાણ ન કરવામાં આવતા રોષ ફાટી નીકળ્યો હતો. મૃતદેહો સુરત સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા બાદ પરિવારજનો



પણ દોડી આવ્યા હતા. મૃતદેહો ભડથું થઈ ગયા હોવાથી ઓળખી ન શકાય એવી સ્થિતિ છે. જોકે, સુરત સિવિલ હોસ્પિટલમાં મૃતદેહ મુકાયા બાદ હજુ પણ અજાણ્યા તરીકે નોંધ કરવામાં આવેલી છે. ઘટનાના ૧૭ કલાક બાદ હવે પરિવારજનોના DNA સેમ્પલ લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આજે સવારથી પરિવારજનોએ ફરી પોલીસ ચોકી ઘેરી લીધી છે અને કંપનીના અધિકારીને બોલાવવાની માંગ કરી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ચારેય યુવકોનો વર્ષનો અંતિમ દિવસ જિંદગીનો છેલ્લો દિવસ બની ગયો હતો. મૃતકોનાં પરિવારજનો સાથે વાત કરતા જાણવા મળ્યું કે, ૪ મૃતકો પૈકી એક યુવકના તો છ મહિના પહેલાં જ લગ્ન થયા હતા.

# વકફ બોર્ડનો ઓર્ડર બતાવી રાજકોટમાં વેપારીઓનો સામાન રોડ પર ફેંકી દીધો

રાજકોટ,તા.૦૧



રાજકોટ શહેરનાં જૂના દાણાપીઠ વિસ્તારમાં ગઈકાલે રાતે એક વિચિત્ર ઘટના સામે આવી છે. ૨૫ લોકોના ટોળાએ વકફ બોર્ડનો ઓર્ડર બતાવી ત્રણ દુકાનોનાં તાળાં તોડી સામાન રોડ પર ફેંકીને દુકાનો ખાલી કરાવી હતી. વર્ષોથી ભાડાપટ્ટે રહેલી દુકાનો એકાએક ખાલી કરાવવામાં આવતા વેપારીઓમાં રોષની લાગણી જોવા મળી હતી. જોકે, સમગ્ર મામલે વધુ વિવાદ થાય તે પહેલાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને દુકાનનાં તાળા તોડીને સામાન બહાર ફેંકનાર સહિતના લોકો વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

# ગુજરાત ગેસએ CNGમાં કિલોએ દોઢ રૂપિયો વધારતા વાહનચાલકોમાં રોષ

**કંપનીએ ૬ મહિનામાં ચાર વખત ગેસના ભાવ વધાર્યા**

અમદાવાદ,તા.૦૧

નવા વર્ષના પહેલા જ દિવસે CNG ભરાવતા લોકો પર ગુજરાત ગેસ કંપનીએ દોઢ રૂપિયાનો વધારો ઝીક્યો છે. આ નવો ભાવ આજથી અમલી બનતાં વાહનચાલકોમાં રોષ વ્યાપી ગયો છે, કારણ કે ગયા વર્ષે જ ત્રણ મહિનામાં સતત એક-એક રૂપિયાનો વધારો આવ્યો ને નવા વર્ષે પણ ફરી




દોઢ રૂપિયો વધારવાની જાહેરાત થતાં લોકો પર ભારણ વધ્યું છે. કંપનીએ ૧ જાન્યુઆરીથી CNGના ભાવમાં ૧.૫ રૂપિયાનો વધારો લાગુ કરી દીધો છે. રાજ્યમાં લાખોની સંખ્યામાં કાર અને રિક્ષા CNG વાહનનો ઉપયોગ કરી રહ્યા છે ત્યારે કિલોદીઠ CNGના ભાવમાં દોઢ રૂપિયા વધારો કરવામાં આવતાં હવે ૭૯.૨૬ પર પહોંચી ગયો છે. ભાવવધારા પહેલાં જૂનો ભાવ ૭૭.૨૭ રૂપિયા હતો. છેલ્લા ૬ મહિનામાં જ CNGમાં કિલોદીઠ ભાવમાં ૫ રૂપિયાનો વધારો કરાયો છે. ભાવવધારો થવાને કારણે CNG વાહનચાલકો પર રોજનું ૪.૫૦ લાખ રૂપિયાનું ભારણ વધશે.

# નિર્ણય : રાજયની ૯ નગરપાલિકાઓને મળ્યો મહાનગરપાલિકાનો દરજજો

ગાંધીનગર,તા.૦૧

ખ્રિસ્તીઓના નવા વર્ષના પ્રથમ દિવસે એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ગુજરાત સરકારની કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય સરકારે ૧ નવા જિલ્લા વાવ-થરાદ અને ૯ નગરપાલિકાને મહાનગરપાલિકા બનાવવાની મંજૂરી આપી છે. ત્યારે લાંબા સમયથી પડતર રહેલી માગ આજે પૂર્ણ થઈ છે. રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપી છે. મહેસાણા, ગાંધીધામ, વાપી, નવસારી, આણંદ, સુરેન્દ્રનગર, નડિયાદ, મોરબી અને પોરબંદરને મહાનગરપાલિકાનો દરજ્જો અપાયો છે. છેલ્લા ઘણાં સમયથી આ તમામ શહેરોના લોકોની માગ હતી, જે હવે પૂર્ણ થઈ છે. જેને લઈને હાલ અહીંના લોકોમાં ખુશીનો માહોલ છે. હાલમાં રાજ્યમાં આઠ મહાનગરપાલિકા અસ્તિત્વમાં છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જૂનાગઢ, ભાવનગર, જામનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા છે. પરંતુ રાજ્ય સરકારે નવ નવી મહાનગરપાલિકાને મંજૂરી આપતા હવે મનપાની સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યમાં એક સાથે નવી ૯ મહાનગરપાલિકાની રચનાના નિર્ણયને મંજૂરી આપી છે. મુખ્યમંત્રીના નેતૃત્વની વર્તમાન સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં નવસારી, વાપી, આણંદ, નડિયાદ, મહેસાણા, સુરેન્દ્રનગર/ વઢવાણ, મોરબી, પોરબંદર/ છાયા અને ગાંધીધામ એમ કુલ ૯ નગરપાલિકાઓને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી હતી.




# કચ્છમાં ફરી ૩.૨ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

ભુજ,તા.૧

ગુજરાતના કચ્છમાં બુધવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના પછી લોકો ભયભીત થઈ ગયા હતા અને ઘરની બહાર આવી ગયા હતા. ભૂકંપ સવારે ૧૦.૨૪ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્ર ભચાઉના ઉત્તર-ઉત્તરપૂર્વ ૨૩ કિલોમીટર દૂર હતું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મિક રિસર્ચએ જણાવ્યું હતું કે બુધવારે સવારે ગુજરાતના કચ્છ જિલ્લામાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જિલ્લા પ્રશાસને કહ્યું કે કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થવાના સમાચાર નથી. ગયા મહિને, પ્રદેશમાં ૩ થી વધુની તીવ્રતાની ચાર ધરતીકંપની પ્રવૃત્તિઓ નોંધવામાં આવી હતી, જેમાં ત્રણ દિવસ પહેલા ૩.૨ તીવ્રતાનો ભૂકંપનો સમાવેશ થાય છે, જેનું કેન્દ્ર ભચાઉ નજીક પણ હતું. આઈએસઆર અનુસાર, ૨૩ ડિસેમ્બરે જિલ્લામાં ૩.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો અને ૭ ડિસેમ્બરે ૩.૨ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ગત વર્ષે ૧૮ નવેમ્બરે કચ્છમાં ૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો.







